# જ્ઞાંન વાહિની

(સનાતન જ્ઞાનનું ઝરણું)

## ભગવાન શ્રી સત્ય સાઇ બાબા

અનુવાદક: શ્રીમતી તરુ દેસાઇ

પ્રશાંતિ નિલયમ

શ્રી સત્ય સાઇ બુક્સ અને પબ્લીકેશન ટ્રસ્ટ
પ્રશાંતિ નિલયમ - ૫૧૫૧૩૪
અનંતપુર જીલ્લો, આંધ્ર પ્રદેશ, ભારત.
ૠઃ ૦૮૫૫૫ ઋઊાં: ૯૧-૮૫૫૫
ટે નં :૨૮૭૩૭૫ ૠજાઃ ૨૮૭૨૩૬

(c) શ્રી સત્ય સાઇ બુક્સ અને પબ્લીકેશન ટ્રસ્ટ
પ્રશાંતિ નિલયમ, પી કો ૫૧૫૧૩૪, અનંતપૂર જીલ્લો, ભારત.
સર્વ હક્ક સ્વાધીન.

કોઈપણ ભાષામાં આ ચોપડીનો અનુવાદ કરવાનો કે તેની નકલ કરવાનો હક્ક પ્રકાશકને આધીન છે. શ્રી સત્ય સાઇ બુકસ અને પબ્લીકેશન ટ્રસ્ટ, પ્રશાંતિ નિલયમ, આંધ્ર પ્રદેશ, ભારત ના કન્વીનરની પરવાનગી વિના આ પુસ્તકનો કોઈપણ ભાગ, ફકરો, પાનુ, ચોપડી કે ચિત્રો કે ચિત્રકામ મૂળ ભાષામાં કે અનુવાદ કરી તેને કોઇપણ સ્વરુપે, કોઇપણ રીતે જેવી કે વિધ્યુતીકરણથી કે યાંત્રિક રીતે કે ફોટા પાડીને ફરી છપાવી શકાશે નહીં તેમજ તેનું રેકોર્ડીંગ કરી કે બીજી કોઈપણ યાંત્રિક રીતે તેનો સંગ્રહ કરી છપાવી શકાશે નહીં. તે માટે આગળથી કન્વીનરની મંજૂરી પ્રાપ્ત કરવી જરુરી છે. પુસ્તકના હેવાલમાં જે નાના ફકરાઓની નોંધ કરી છે તેને માટે મંજૂરીની જરુર નથી. આ ચોપડીની નકલો શ્રી સત્ય સાઇ બુકસ અને પબ્લીકેશન ટ્રસ્ટ, પ્રશાંતિ નિલયમ, આંધ્ર પ્રદેશ, ભારત. મારફતેજ પરદેશ મોકલી શકાશે.

ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બુક નં. ૮૧-૭૨૦૮-૨૯૬-૭

પહેલી આવૃત્તિ: માર્ચ ૨૦૦૮

Price Rs 18.00

પ્રકાશક
કન્વીનર, શ્રી સત્ય સાઇ બુકસ અને પબ્લીકેશન ટ્રસ્ટ
પ્રશાંતિ નિલયમ, ઇન્ડિયા, પીન કોડ- ૫૧૫૧૩૪
એસટીડી: ૦૮૫૫૫ આઇએસડી: ૯૧-૮૫૫૫
ટે.નં.૨૮૭૩૭૫ ફેકસ- ૨૮૭૨૩૬ ઇ-મેઇલ:enquiry@sssbpt.org

# પ્રસ્તાવના

આ પુસ્તક તમે વાંચો તે પહેલાં ........

વ્હાલા વાચકો, જીવના લક્ષણો અને પ્રક્રિયા જેના દ્વારા જીવ તેના સાચા સ્વરૂપને શોધી કાઢે છે તે વિષેનુ આ એક બીજુ પુસ્તક જ નથી. પરંતુ જ્યારે તમે તેના પાના ફેરવતા જશો, ત્યારે તમને એમજ લાગશેકે, આ યુગના અવતાર, ભગવાન શ્રી સત્ય સાઇ બાબાના ચરણો પાસે તમે બેસી રહ્યા છો.જેઓ બધા સાધુઓ અને સાધકોની પ્રાર્થનાના જવાબ રુપે અવતરીને, તેમને માર્ગદર્શન આપી અને તેમને શાંતિ અને પૂર્ણતા બક્ષે છે.તેઓ કહે છે, 'તમારો બધો ભાર મને સોંપી દો'. તેઓ પ્રેરણા આપે છે, 'આજથી જ તમારી આધ્યાત્મિક યાત્રા શરુ કરો. 'તેઓ પૂછે છે, 'તમે શા માટે ડરો છો, જ્યારે હું અહીં હાજર છું? 'તેમની કૃપા સર્વવ્યાપી છે. તેમની અલૌકિક શક્તિ તેમની સર્વશક્તિમત્તાની ઘોષણા કરે છે. તેમનું જ્ઞાન, માનવજાતિની બીમારીનું પૃથક્કરણ તથા તેના ઇલાજ માટેનો નુસખો તેમની સર્વજ્ઞતાને સ્પષ્ટ રીતે વ્યક્ત કરે છે. તમારે માટે તેમના પ્રશાંતિ નિલયમમાં મેળાપની અને તમારી આધ્યાત્મિક યાત્રાની સફળતા માટેના આશીર્વાદ પ્રાપ્ત કરવાની એક સોનેરી તક છે, તેઓ તમારી આતુરતાને તથા શ્રદ્ધાને જાણી જશે અને માન્ય કરી શકશે, જેથી તમે તેને વધુ વિશ્વાસ અને હિંમતથી ચાલુ રાખશો કારણ તેઓ નિશ્ચિત રીતે સફળતાની ખાત્રી આપે છે. તેઓ ગીતાના સનાતન ગુરુ છે, અને તમારા હ્રદયના સારથી છે.

તેમના આશીર્વાદથી તેમના નામને અનુરૂપ 'સનાતન સારથી' નામનું માસિક પ્રસિધ્ધ થાય છે, તેમાં તેમણે, માનવજાતિ જે અશ્રધ્ધાના તથા ધર્માંધતાને પોષીને તેના ફાંદામાં સપડાઇ છે તેમના તરફના ઊભરાતા પ્રેમને કારણે તેમણે આ લેખોની હારમાળા પોતે જાતે લખી છે, જે જ્ઞાન વાહિની તરીકે ઓળખાય છે. હજારો વાચકો દરેક મહિને (મૂળ તેલુગુમાં તેમજ અંગ્રેજીમાં અનુવાદ કરાયેલા) આ લેખોની આતુરતાથી રાહ જોતા હતા અને જ્યારે તેમને તેમની પ્રત મળતી ત્યારે તેઓ તેને ખંતથી આદરપૂર્વક વાંચી જતા હતા. તમારા માર્ગદર્શન અને પ્રેરણા માટે હવે તે લેખોને એકત્ર કરી પુસ્તકના રૂપે તૈયાર કરાયા છે.

એન. કસ્તુરી
તંત્રી, સનાતન સારથી.

# જ્ઞાન વાહિની

"જેમ સૂર્યની સામે ધુમ્મસ, તેમ જ્ઞાન સામે અજ્ઞાન પીગળી જાય છે." જ્ઞાન સતત તપસથી પ્રાપ્ત કરી શકાય છે. વ્યક્તિએ બ્રહમન્ ના સ્વભાવ: હું, મારું સતત તપસથી પ્રાપ્ત કરી શકાય છે. વ્યક્તિએ બ્રહમન્ ના સ્વભાવ: હું, મારું સાચું સ્વરુપ તેની તપાસમાં, તેમજ વ્યક્તિમાં જન્મ સમયે તેમજ મૃત્યુ સમયે અને એવી રીતે જે પરિવર્તનો થાય છે, તે વિષેની શોધમાં સતત વ્યસ્ત રહેવું જોઇએ. જેમ ચોખા ઉપરના છોતરાને તમારે દૂર કરવા પડે છે, તેમ અજ્ઞાન જે મગજમાં ચોંટી ગયું છે તેને વારંવાર આત્માની શોધ કરવાથી ઘસી કાઢી શકાય છે. જ્યારે માત્ર સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે વ્યક્તિ મુક્ત થઈ શકે, અથવા, બીજા શબ્દોમાં, તેને મોક્ષ મળે છે. ઉપર કહેલા આત્મિક જ્ઞાન મેળવ્યા પછી જ, વ્યક્તિએ બ્રહમન્ ના માર્ગને અનુસરવાનો છે, (પરમ તત્વ, ઇશ્વર) અને નવા જ્ઞાન પ્રમાણે વર્તાવ કરવાનો છે.

જે બધી શંકાઓ જે મનને સતાવતી હોય તેનું નિરાકરણ કરવું જોઇએ, તે કરવા તેના જાણકાર અથવા સદગુરુ, જેને, વ્યક્તિને મળવાની તક મળી હોય તેની પાસે જવું જોઇએ. ગુરુ અથવા શાસ્ત્રએ જે માર્ગ ચીંધ્યો છે, તેમાં વ્યક્તિ અડગ રીતે સ્થિર ન થઇ જાય ત્યાં સુધી તેને માટેના બધા નિયમો અને સુચનાઓને તેણે દ્રઢપણે પાળવી જોઇએ, અને તેમની સંગતિમાં રહેવું જોઇએ અથવા એક નહીં તો બીજી રીતે તેમની સાથે જોડાવું જોઈએ, કારણ વ્યક્તિ, જ્ઞાની પુરુષ જેણે સત્યનો સાક્ષાત્કાર કર્યો છે તેની નજદિક રહેવાથી, ઘણી જલ્દી પ્રગતિ કરી શકે છે.વ્યક્તિએ ગુરુની અથવા શાસ્ત્રની સુચનાઓને અમર્યાદિત ત્યાગ અને નિખાલસ લગનીથી અનુસરવા જોઇએ. આજ સાચુ તપસ છે. આ તપસ વ્યક્તિને ઉચ્ચતમ અવસ્થા ઉપર લઈ જાય છે.

જ્યારે અજ્ઞાન અને આનુષાંગિક ભ્રમ અદ્રશ્ય થાય, ત્યારે આત્મા (ચૈતન્ય,આંતરિક શક્તિ) દરેક વ્યક્તિમાં તેના તેજથી પ્રકાશે છે. જે બધું આપણે જોઇએ છીએ તે મૃગજળ જેવું છે, જે સાચા ઉપર કશાકનું વિશિષ્ટ અધ્યારોપણ કરાયેલું છે અને આને તે માની લેવાની ભૂલ કરી રહ્યા છીએ.

વસ્તુઓને ઉત્પત્તિ છે અને અંત છે, તેઓમાં સતત પરિવર્તન આવે છે. ત્યાં ઉદભવ તેમજ વિઘટન પણ છે. જ્યારે પ્રલય થાય છે ત્યારે બધાનું વિઘટન થાય, નિયમ મુજબ માત્ર મૂળ પ્રકૃતિ અથવા ઉપાદાન કારણ શેષ રહે છે. વિશ્વ પ્રલયની પછી માત્ર અપ્રગટ કારણ (અમૂર્ત પ્રકૃતિ) બાકી રહે છે.

જ્યારે સોનાને કુલડીમાં પીગાળી શુધ્ધ કરવામાં આવે છે, ત્યારે તે અદભુત પીળા તેજથી પ્રકાશે છે. તે પ્રકાશ ક્યાંથી આવ્યો? સોનામાંથી કે અગ્નિમાંથી? શું બન્યું, અગ્નિએ માત્ર તેનો મળ કીટો દૂર કર્યો; ચળકાટ તો સોનામાં પોતાનામાં જ હતો. તે તો તેનો મૂળ સ્વભાવ છે. અગ્નિ તો માત્ર કીટો દૂર કરવાનું સાધન છે. કુલડીમાં અગ્નિએ સોનામાં કશું જ ઉમેર્યું નથી.

જો અગ્નિ જ ચળકાટ આપતો હોય તો પછી જ્યારે લાકડી અથવા તણખલું કે પથ્થરને અગ્નિમાં મૂકવામાં આવે ત્યારે તે સોના જેટલા ચળકતા કેમ બનતા નથી?

તેથી વ્યક્તિએ સમજવું જોઇએ કે ચળકાટ અગ્નિમાંથી નથી આવ્યો પરંતુ તે તેના પોતાના આંતરિક સ્વભાવમાંથી આવ્યો છે. પ્રત્યગ આત્મા, (અંદર વસેલો આત્મા) અંતરાત્મા વ્યક્તિના પંચકોષથી બનેલા સ્થળ દેહથી અલગ છે. તે તેના તેજથી પ્રકાશે છે. તે ત્રણ ગુણોની પ્રવૃત્તિઓ અને તેના પરિણામનો સાક્ષી માત્ર છે. તે અચળ છે. તે શુધ્ધ અને પવિત્ર છે. તે નિત્ય છે. તે અભેદ છે. તે સ્વ-સિધ્ધ છે. તે શાંતિ છે. તે અનંત છે. તે પોતે જ્ઞાન જ છે; આવો આત્મા હું છું એમ જાણવું જોઇએ. આ આત્મા, જે જ્ઞાન સ્વરુપ છે તેનો અનુભવ એટલે કે સાક્ષાત્કાર કરવામાં ચાર વિઘ્નોને પાર કરવા પડે છે: તેઓ લય, વિક્ષેપ, કશાય અને રસ આસ્વાદનમ છે. આને આપણે એક પછી એક લઇએ.

**લય**:- નિંદ્રા ; જ્યારે મન પોતાને બાહ્ય દુનિયામાંથી ખેંચી લે છે, ત્યારે તે ગાઢ નિંદ્રા કે સુષુપ્તિમાં પ્રવેશે છે, સંસારની જોરદાર અસરને કારણે આવું બને છે. સાધકે આ વૃત્તિને કાબૂમાં કરી મનને આત્મ વિચાર ઉપર અથવા આત્માના સ્વભાવની શોધ ઉપર સ્થિર કરવાનો પ્રયત્ન કરવાનો છે. તેણે મન ઉપર ધ્યાન રાખવાનું છે જેથી તે જાગતુ રહે.તેણે સુસ્તીને પેદા કરનાર સંજોગોને શોધી કાઢી તેને સમયસર દૂર કરવાના છે.

તેણે ફરી ફરી ધ્યાનની પ્રક્રિયાને ચાલુ રાખવાની છે. ચોક્કસ, સામાન્ય રીતે ધ્યાન દરમ્યાન સુસ્તતાનું તથા નિદ્રાનું કારણ અપચો છે. વધુ પડતુ ખાવાથી, વધુ પડતા આમ તેમ ફરવાથી થાક લાગવાથી, રાત્રે પૂરતી નિંદ્રા ન મળવાથી પણ સુસ્તી તથા નિદ્રા આવે છે. જે દિવસે તમે ઓછી નિદ્રાવાળી કે નિંદ્રા વિનાની રાત્રી પછી જાગો છો ત્યારે બપોરે થોડા સમય માટે સુવાનું સલાહકારક છે, સામાન્ય રીતે જેઓ ધ્યાન કરતા હોય છે તેમણે દિવસ દરમ્યાન સૂવાનું ટાળવાનું. જ્યાંસૂધી તમને બરોબર ભૂખ ન લાગે ત્યાં સુધી ખાવ નહીં. પ્રમાણસર ખાવાની કળા શીખી જાવ. જ્યારે તમારૂ પોણા ભાગનું પેટ ભરાયેલુ લાગે, ત્યારે વધુ ખાવાનું બંધ કરો. એટલે એમ કહેવાનું કે જ્યારે તમને એમ લાગે કે તમે થોડું વધું ખાઇ શકશો ત્યારે જ તમારે બંધ કરવાનું. આ રીતે પેટને સારી રીતે વર્તવાની ટેવ પાડી શકાય છે. વધુ પડતી કસરત પણ સારી નથી, વધારે પડતુ ચાલી પણ નખાય. તમારી સુસ્તી ચાલી જાય  એટલું જ ચાલવાનુ; પણ યાદ રાખો કે ઊંઘમાંથી ઊઠીને તરત ધ્યાનમાં ઊતરી ન શકો.

**વિક્ષેપ**:- તરંગીપણું, મનને બાહ્ય પદાર્થો પાછળ દોડવાની આદત પડી ગઇ છે, તેથી તેને આંતરમુખ કરવાને તથા ઇન્દ્રિયગમ્ય આકર્ષણોથી તેને દૂર રાખવાને માટે સતત પ્રયત્નોની જરુર છે. આને શોધ માટેના બુધ્ધિના ઉગ્ર પ્રયત્નો દ્વારા કરવાનું છે. તફાવતને સમજીને તમારા મનમાં દ્રઢતાથી માની લો કે આ બધું હંગામી, ક્ષણિક, ક્ષય થનાર, પરિવર્તનશીલ અને તે ઉપરાંત સત્ય નહીં પણ મિથ્યા છે. તમારી જાતને સમજાવો કે જે કોઇને દુ:ખકારક તરીકે અવગણીને તથા સુખકારક તરીકે શોધી કાઢયા છે તે ઇન્દ્રિયોના સંસર્ગની ક્ષણિક પેદાશ છે. આ રીતે બાહ્ય જગતના ખલેલ કરનાર તત્વોને બેધ્યાન કરી, તમારી જાતને ધ્યાનમાં ઊંડા ઊતરવાને તૈયાર કરો.

ચકલીની પાછળ બાજ પડે છે ત્યારે તે દુ:ખથી ઘરમાં આશરો લેવા ઊડે છે, પરંતુ તે ફરી બહારની દુનિયામાં ઊડી જવાને આતુર હોય છે, શું તેમ નથી? તે જ પ્રમાણે, મન પણ તેણે જ્યાં આત્મામાં આશરો લીધો છે ત્યાંથી બાહ્ય જગતમાં જવાને આતુર હોય છે. આ મનોવૃતિ તે વિક્ષેપ, પોતાના આશરામાંથી બહાર દુનિયામાં ફરી જવાની વૃત્તિ છે. માત્ર એકલા વિક્ષેપને દૂર કરવાથી, મનને ધ્યાનમાં એકાગ્ર થવામાં મદદરૂપ થશે.

**કશાય(ક્ષીણ થવું):-**અર્ધ જાગ્રત અને અજ્ઞાત, કામના આસકિત યુક્ત સંસ્કારો મનને પ્રબળ શક્તિથી બાહ્ય દુનિયા અને તેના વિવિધ આકર્ષણો તરફ ખેંચે છે, તેથી તે અસહ્ય દુ:ખ અનુભવે છે અને કદાચ તેના ઊંડાણમાં ખોવાઇ પણ જાય છે, આ અવસ્થાને ક્શાય અથવા વિનાશ પણ કહે છે.

નિરાશા વ્યક્તિને જડતાની અવસ્થામાં પહોંચાડી દે તેને સમાધી ન કહી શકાય; અથવા, વર્તમાન નિરાશામાંથી બચી જવા માટે વ્યક્તિ દિવાસ્વપ્નમાં પણ રાચતો થઇ જાય; અથવા, વ્યકિત હવાઇ કિલ્લા રાચતો થઇ જાય છે, આ બધાનું કારણ બાહ્ય દુનિયાનું આકર્ષણ અને આસક્તિ છે. બીજા પ્રકારની આસક્તિ પણ છે, જેમાં વ્યક્તિ પોતાના ભૂતકાળની સરખામણીમાં ભાવિને વધુ ચડિયાતા બનાવવા માટે જુદી જુદી યોજનાઓનું આયોજન પોતાની અંદર કરતો હોય છે. આ બન્ને ક્ષયના જ ભાગ છે. આ બન્નેનો પાયો બાહ્ય જગતનું આકર્ષણ છે. આસક્તિ ઈચ્છાઓને આવકારે છે, ઇચ્છાઓ આયોજન તરફ દોરી જાય છે.

**રસ-આસ્વાદન:-** જ્યારે ક્ષય અને વિક્ષેપ ઉપર વિજય થાય છે, ત્યારે વ્યક્તિને સ્વવિકલ્પ આનંદ-ધ્યાતા-ધ્યેયના સંપર્કનો ઉચ્ચતમ આનંદ મળે છે, આ અવસ્થાને રસ આસ્વાદનમ કહે છે અથવા આનંદ ભોગવે છે. પરંતુ આ સર્વોત્તમ પરમાનંદની અવસ્થા નથી, જેને કોઇપણ વ્યક્તિ મેળવી શકતી નથી કે તેને પહોંચી શકતી નથી, પરંતુ તે ફક્ત "છે", એટલે એમ કહેવાય કે તેનાથી તે જાણકાર છે, પરંતુ ફક્ત તે છે. આ રસ, અથવા ધ્યાતા-ધ્યેય સમાધિના આનંદનું આકર્ષણ છે જે વ્યક્તિએ અવગણવું જોઇએ, કારણ તે બીજી કક્ષાનું ઉત્તમ છે. આ આનંદ અંતરાય બનવા પૂરતો છે. જ્યારે વ્યકિત લાંબા સમયથી ભારે બોજ ઊંચકીને ચાલતો હોય અને તેને થાપણ તરીકે મૂકે છે ત્યારે જે આનંદ મળે છે તેના જેટલો જ મોટો તે આનંદ છે, અથવા એક લોભિયાને વિશાળ સંપત્તિ આંચકી લેવીછે, પરંતુ સાપ તેનું રક્ષણ કરી રહ્યો છે તેને મારી નાખતા તેને જેટલો આનંદ થાય તેટલો જ તે આનંદ છે. સાપને મારી નાંખવા સમાન તે સવિકલ્પ સમાધિ છે. સંપત્તિને મેળવી લેવી તે નિર્વિકલ્પ સમાધિ, સર્વોત્તમ અવસ્થા છે.

"જ્યારે સૂર્ય ઊગે છે. ત્યારે અંધકાર અને તેનાથી ઉત્પન્ન થતી મુશ્કેલીઓ અદ્રશ્ય થઇ જાય છે. તે જ પ્રમાણે, જેમણે આત્મ-સાક્ષાત્કાર કર્યો છે, તેમને માટે હવે પછી કોઇ બંધન નથી, તેમજ બંધનમાંથી ઉત્પન્ન થતુ દુ:ખ નથી. જેઓ તેમની દિશા ભૂલી જાય છે માત્ર તેમને ભ્રમ આવે છે, લોકોને તેમના પાયાના સત્યને ભૂલાવી દેવા માટેનુ.

અહંકાર એ સૌથી મોટુ કારણ છે. એકવાર હુંપદ (અહંકાર) માણસમાં પ્રવેશે છે, કે તે આદર્શમાંથી સરકી પડે છે અને પોતાની જાતને નીચે દાદરનાં ઉપરના પગથિયા પરથી પડતો પડતો તે છેક નીચેની જમીન સુધી પાડી દે છે. અહંકાર, ફાટફૂટ, ધિક્કાર અને આસક્તિને પોષે છે. આસક્તિ અને વળગણ, તેમજ ઇર્ષા અને ધિક્કારને કારણે વ્યક્તિ પ્રવૃત્તિમાં પ્રવેશે છે અને દુનિયામાં સંડોવાય છે. આ ભૌતિક શરીરના જન્મ તરફ લઇ જાય છે અને અહંકારમાં વધારો કરે છે. વ્યક્તિએ આનંદ અને દુ:ખના દ્વંદ્વ ખેંચાણમાંથી મુક્ત થવું હોય તો, સૌથી પહેલા તેણે તેની જાતને દેહાભાસમાંધી મુકત કરવી જોઇએ, અને સ્પષ્ટ રીતે સ્વ-કેન્દ્રિત પ્રવૃત્તિઓજ કરવી જોઇએ. આ આસક્તિ અને ધિક્કારની ગેરહાજરીને સમાવિષ્ટ કરે છે. ઇચ્છાઓ મુક્તિ અથવા મોક્ષની પહેલા નંબરની દુશ્મન છે. ઇચ્છાઓ વ્યક્તિને જન્મ–મરણના ચક્ર સાથે બાંધે છે. તે અનહદ ચિંતા અને ક્લેશો લાવે છે.

આ માર્ગો ઉપર શોધ કરવાથી, જ્ઞાન સ્પષ્ટ અને વધુ ઉજ્જવળ થશે; અને મુક્તિ મળશે, મોક્ષ એ સ્વતંત્રતા માટેનો બીજો શબ્દ છે. જેમાં તે બહારની કોઈ વસ્તુ કે વ્યક્તિ ઉપર આધાર નથી રાખતો.

મનને સારી રીતે તાલીમ આપી હોય અને કાબુ કર્યું હોય, તો તે વ્યક્તિને મોક્ષ તરફ દોરી જઇ શકે છે. તેને ભગવાનના વિચારમાં જ તરબોળ કરવું જોઇએ; જે મૂળ સ્વરૂપની શોધમાં મદદરૂપ થશે. જ્યારે મન ખેંચતાણમાંથી મુક્ત બની શુધ્ધ થશે, ત્યારે અહંકારનું પોતાનું ભાન લુપ્ત થઇ જશે. કોઈપણ રીતે દુનિયાથી તેને અસર નહીં થાય; તે આત્મ-સાક્ષાત્કારનો માર્ગ છે. તે (આત્મ સાક્ષાત્કાર) સ્વર્ગ કે કૈલાસ પર્વત ઉપર (શિવના ધામમાં) મળી શકતો નથી.

મનને કાબૂ કર્યા વિના ઇચ્છાઓની જ્વાળાને ઓલવી શકાતી નથી. ઇચ્છાઓની જ્વાળાઓને દબાવી દીધા વિના મન તેમાંથી બહાર નીકળી શકતુ નથી. મન એ બીજ છે, ઈચ્છા એ વૃક્ષ છે. માત્ર આત્મ-જ્ઞાન એકલું જ તે વૃક્ષને મૂળમાંથી ઉખેડી શકે છે.તેથી મન, ઈચ્છા અને આત્મ-જ્ઞાન, આ ત્રણે એક બીજા ઉપર આધાર રાખે છે.

જીવનમુકત, ત્યારે તે જીવતો પણ હોય. તે આત્મ જ્ઞાનમાં દ્રઢ રીતે સ્થપાયેલો છે. જગતના મિથ્યાપણા ઉપર ધ્યાન સ્થિર કરીને તથા તેની નિષ્ફળતા અને દોષો ઉપર મનન કરી તેણે તે પ્રાપ્ત કર્યુ છે. આ રીતે, તેણે સુખ અને દુઃખના સ્વભાવમાં સૂક્ષ્મદ્રષ્ટિથી નિરીક્ષણ કરી બન્નેમાં તટસ્થતા (સમભાવ) વિકસાવી છેઃ તે સમજી ગયો છે કે સંપત્તિ દુન્યવી આનંદ અને મોજશોખ બધું નકામું છે તેમજ ઝેરી પણ છે. તે વખાણ તથા નિંદા અને આપત્તિને શાંતિથી સ્વિકારે છે, તેમજ માન અને અપમાનની તેને કોઇ અસર થતી નથી. ચોક્કસ, ઘણાં લાંબા વર્ષોની વ્યવસ્થિત શિસ્તનું પાલન અને જ્યારે નિરાશા અને શંકાઓ તેના ઉપર સવાર થાય, ત્યારે પણ વિરોધ વિના ઉત્સાહને જાળવી રાખ્યા પછી જ જીવનમુકત તે અવસ્થા ઉપર પહોંચે છે. માત્ર નિષ્ફળતાએ જ તેને વધુ સખતાઇથી સ્વની પરીક્ષા કરાવી અને વધુ આતુરતાથી મુકરર શિસ્તનું અનુસરણ કરાવ્યું. જીવનમુકતમાં 'જીવવાની ઇરછા' ની કોઇ નિશાની દેખાતી નથી તે મૃત્યુને ભેટવાને હંમેશ તૈયાર હોય છે.

અપરોક્ષબ્રહ્મજ્ઞાન અથવા બ્રહ્મના સાક્ષાત જ્ઞાનની જાણકારી, તે નામ તે અવસ્થાને અપાયું છે, જેમાં સાધક બધી અસંભાવ્યતા અને અશક્યતાઓની શંકાથી મુક્ત થાય છે, તથા તેને ખાત્રી છે કે બે તત્વો જીવ અસ્તિત્વ અને બ્રહ્મ અસ્તિત્વ એક જ છે, અને તેઓ એક હતા, અને હંમેશને માટે એકજ રહેશે. જ્યારે આ અવસ્થાએ પહોંચાય છે, ત્યારે સાધક્ને કોઇ ગોટાળાનું દુઃખ હવે પછી સતાવશે નહીં, તે એક વસ્તુને બીજી વસ્તુ તરીકે સમજવાની ભૂલ નહીં કરશે, અથવા એક વસ્તુ ઉપર બીજી વસ્તુનો અભ્યાસ નહી કરશે. તે દોરડાને સાપ સમજવાની ભૂલ નહી કરશે. તે સમજશે કે ત્યાં બધો સમય એક જ વસ્તુ હતી, અને તે દોરડું.

તે આભાસના આવરણથી પણ હેરાન નહીં થશે; એટલે એમ ક્હેવાનું કે, પહેલાં તે, બ્રહ્મ તેજ તે નથી તેવા ભાવથી તે ટેવાયેલો હતો, તેવો ભાવ હવે નહી રહે. દરેક જીવીના હ્રદયમાં અને કેન્દ્રમાં પરમાત્મા (ઇશ્વર તત્વ, પરમ તત્વ), સૂક્ષ્મ અણુથી પણ અતિ સૂક્ષ્મ, ગંજાવરથી પણ ક્લ્પી  શકાય તેથી વધુ ગંજાવર, નાનાથી પણ વધુ નાનું, મહતથી પણ વધુ મહત મોજૂદ છે. તેથી જ્ઞાની જેનામાં પોતાનામાં આત્મ દ્રષ્ટિ છે તે કદાપી દુ:ખથી હેરાન નહી થાય.  બધા જીવંત પ્રાણીમાં (વસ્તુમાં),  કીડીથી માંડીને હાથી સુધીમાં,  આત્મા હાજર છે. આ સૂક્ષ્મ આત્માએ આખી દુનિયાને આવરી લીધી છે તેમજ તેને પુષ્ટિ (આધાર) પણ આપે છે. સાધકે પોતાનુ ધ્યાન બાહ્ય જગતથી દૂર ફેરવી દેવું જોઇએ અને સૂક્ષ્મ દ્રષ્ટિવાળા બની, તેણે તેની દ્રષ્ટિને આત્મા તરફ વાળવાની છે. તેણે તેના મનની પ્રક્રિયાનું પૃથક્કરણ (વિવેકથી) કરીને પોતાની જાતને માટે શોધી કાઢવુ જોઇએ કે મનના બધા વિકારો અને આવેશો ક્યાંથી ઉત્પન્ન થાય છે. આ રીતે, 'ઇરાદા' અને 'સંકલ્પો' ની દરેક નિશાની પણ અદ્રશ્ય થઇ જવી જોઇએ. ત્યાર પછી, માત્ર એક જ વિચાર અને તે બ્રહ્મનો તેના મનમાં ચોંટી જશે. માત્ર એકજ લાગણી તેના મનને ઘેરી લેશે, તે પરમાનંદની લાગણી, જે તેની સત્-ચિત્-આનંદની અવસ્થામાં સ્થાપિત થવાથી ઉત્પન્ન થાય છે.

આવા જ્ઞાનીને સુખ કે દુ:ખ કશાની અસર થશે નહીં, કારણ તે આત્માનંદના સમુદ્રમાં સંપૂર્ણ રીતે ડૂબેલો રહેશે, જે દુન્યવી વસ્તુઓની પહોંચથી પર અને ઉપર છે. બ્રહ્માભ્યાસ અને જ્ઞાનાભ્યાસ, બ્રહ્મ ભાવનો અભ્યાસ અથવા જ્ઞાનના ભાવનો વિકાસ, શબ્દો સતત આત્મા અને તેની કીર્તિનું ધ્યાન, એવું સૂચન કરે છે.

વિષયાનંદ માટેની કામના અને અજ્ઞાનના ભયને કારણે મન એટલું અસર પામે છે કે દુનિયાના ક્ષણભંગુર પદાર્થોને મેળવવા આશ્ચર્યકારક ઝડપથી તેની પાછળ દોડે છે; તેથી ફરી ફરી તેને ઊંચા આદર્શો તરફ લઇ જવું પડે છે. ચોક્કસ, શરુઆતમાં આ મુશ્કેલ છે, પરંતુ સતત અભ્યાસથી મન વશ કરી શકાય છે. ત્યાર પછી તે પ્રણવ, ઓંમના અખંડ આનંદમાં સ્થાયી થઇ જાય છે. શાંત સમજાવટની, આકર્ષક લાલચનું વચન આપવાની. બાહ્ય દુનિયામાંથી ઈન્દ્રિયોનોં નિગ્રહ કરવાની, દુ:ખ અને કષ્ટને સહન કરવાની, આસ્થા અને સ્થિરતા વિકસાવવાની. મનની સમતુલા પ્રાપ્ત કરવાની પધ્ધતિઓથી, એટલે એમ કહેવાનું કે શમ, દમ. ઉપરતિ, તિતિક્ષા શ્રધ્ધા અને સમાધાનની પધ્ધતિઓ વડે મનને તૈયાર કરી કેળવી શકાય છે.

સત્યનું પાલન કરવાથી, ભજનની તલ્લિનતામાં બીજાને ભાગીદાર બનાવીને, નિયમિત પ્રાર્થના કરવાથી, ઉપનિષદનો  અભ્યાસ કરવાથી અને સતત બ્રહ્મનું ધ્યાન કરવાથી મનને બ્રહ્મ તરફ વાળી શકાય છે. ઘણીવાર ધ્યાનમાં પ્રગતિ થતા મનમાં નવી ઇચ્છાઓ અને નવા નિશ્ચયો ઊભા થાય છે. પરંતુ તેનાથી કોઇએ નાસીપાસ થવાનું નથી. જો વ્યકિત સાચી ગંભીરતાથી કાર્યને લે અને અભ્યાસના (તાલીમના) નિત્ય ક્રમને અનુસરે તો મનને છેદી શકાય છે. આ અભ્યાસનું અંતિમ પરિણામ નિર્વિકલ્પ સમાધિ અથવા અનંત, નિર્વિકાર, ચિદાનંદ છે.

નિર્વિકલ્પ સમાધિ બ્રહ્મનું સંપૂર્ણ જ્ઞાન આપે છે; અને તે અંતે જન્મ મૃત્યુના ચક્કરમાંથી મુક્તિમાં પરિણમે છે. વ્યક્તિએ બ્રહ્મના ધ્યાનમાં મનને એક્તાર કરવાનુ, બ્રહ્મના માર્ગ ઉપર ચાલવાનું, બ્રહ્મમાં અને બ્રહ્મ  સાથે રહેવાનું, ‘વાસનાઓને છોડી દેવાથી’, “મનને નિર્મૂળ કરવાથી’ અને ‘સાચાને સમજવા, અનુભવોનું પૃથક્કરણ’ આ ત્રણનાં બનેલા માર્ગને અનુસરવાથી આત્મ જ્ઞાન મેળવી શકાય છે. આ ત્રણ વિના આત્મ જ્ઞાન ઉદભવી નહીં શકે. વાસનાઓ અથવા વૃત્તિઓ અને આવેશો મનને સંવેદનશિલ દુનિયા તરફ ગોંદા માર્યા કરે છે અને વ્યક્તિને સુખ અને દુ:ખમાં બાંધે છે. તેથી વાસનાઓને જ દાબી દેવાની છે. વિવેક, આત્મચિંતન, વિચારણા, શમ, દમ અને વૈરાગ્ય જેવા શિસ્તના સાધન દ્વારા જ આને મેળવી શકાય છે.

મન એ વાસનાનો જથ્થો છે, બેશક, મન પોતે જ જગત (વિશ્વ) છે. વ્યક્તિ માટે તો તે આખી દુનિયા જ છે. વ્યક્તિને માટે ગાઢ નિંદ્રામાં જગતનું તો લગભગ અસ્તિત્વ જ નથી રહેતું કારણ મન ત્યારે કામ કરતુ નથી. જગતનો જન્મ, અથવા ‘ચેતનામાં પ્રવેશે’ અને મૃત્યુ પામે અથવા ‘ચેતનામાંથી અદ્રશ્ય થાય', મનની જાણવાની શકિત પ્રમાણે છે. તેથી, જ્યારે મનનો જ નાશ કરવામાં આવે, એટલે જગતનો પણ નાશ થાય, એટલે વ્યક્તિ બંધનમાંથી છૂટી જાય, વ્યકિત મુક્ત થઈ જાય અને તે મોક્ષ મેળવે છે.

જે કોઇ ચિત્ત અથવા ચેતનાને કાબૂ કરવામાં સફળ થાય તેને આત્માની દ્રષ્ટિ (સાક્ષાત્કાર) મળે છે. ચેતના તે મોટું થયેલું વૃક્ષ છે, ‘હું’ ની ભાવના, ‘અહંકાર’ તેનું બીજ છે, જ્યારે ‘હું’ બીજને બાજુ ઉપર ફેંકી દેવામાં આવે, ત્યારે આપમેળે ચેતનાની બધી પ્રવૃત્તિઓ પણ અદ્રશ્ય થઇ જાય છે.

સાધક જે આવા પરિણામોને માટે આતુર હોય તેણે હંમેશા સાવધ રહેવાનું છે. ઈન્દ્રિયોએ ગુમાવેલું વર્ચસ્વ ગમે તે ક્ષણે પાછુ મેળવી શકે અને વ્યક્તિને ગુલામ કરી દઇ શકે છે. તેણે જે કાંઈ પ્રાપ્ત કર્યું છે તેમાંનું ઘણું તે કદાચ ગુમાવી દે. તે કારણસર સાધકોને દુનિયાની અસક્તિથી સાવધાન કરેલા છે.

નિત્ય અને સર્વદા સત્યની શોધમાં જ ડુબેલા રહો. વધતી ઇચ્છાઓ અને જરૂરિયાતોને સંતોષવામાં સમય બરબાદ કરો નહીં. એક સુખનું મૂળ ફલિત થતા બીજાની શરૂઆતનો તલસાટ થાય છે. આ રીતે મન તેણે છોડી દીધેલી વસ્તુઓને ફરી ફરી મેળવવાનો પ્રયત્ન કરે છે. તેથી મનના તરંગોને વશ ન થાવ. ઈન્દ્રિયોની આસકિતમાંથી બળજબરીથી પણ વિમુક્ત થાવ. શા માટે, મનના તરંગો પ્રમાણે પ્રાર્થના પણ ન કરવાની. વ્યક્તિએ એક જ સ્થળ અને સમયને વળગી રહેવું જોઇએ. આત્મા પોતે જ આવા સાધકોને ટકાવી રાખશે અને તેમને શક્તિ અને સ્થિરતા આપશે.

જેણે તેના મનને વશ કર્યું છે તે સારા સમયમાં અને ખરાબ સમયમાં સમાન રહેશે. દુ:ખ અને આનંદ એ તો ચિત્તની ભ્રમણા છે. જ્યારે મનની ઈન્દ્રિયોની અને શરીર સાથે સંયોગ થાય છે ત્યારે તેને અસર થાય, તે હાલી ઉઠે અને તેનામાં વિકાર પેદા થાય છે. જ્યારે વ્યકિત માદક પદાર્થ લે છે ત્યારે તેને દુ:ખની જાણકારી નથી રહેતી તેમ નથી? આ કઇ રીતે બને છે? ત્યારે મનને શરીરથી છુટુ કરવામાં આવે છે અને તેથી તેને શારીરિક દુ:ખ કે અસુવિધાની પીડા નથી. તે જ પ્રમાણે, જ્ઞાનીએ પણ તેના મનને આત્મામાં તલ્લીન કરી દીધું છે. મનનું નિયમન કરીને તે મનની શાંતિ અને સ્થિરતા સ્થાપી શકે છે.

જ્ઞાનીને તેના આત્મામાંથી સંપૂર્ણ આનંદ મળે છે તે તેની પોતાની જાત બહાર બીજે કશેથી મેળવતો નથી. ખરેખર, તેને બાહ્ય કોઇપણ વસ્તુમાં આનંદ શોધવાની ઇચ્છા કે યોજના થશે નહી. અંદરનો આનંદ જે તેને મળે છે તેનાથી તેને સંતોષ છે. જ્ઞાનીની મહાનતા વર્ણનથી પર છે, તમારી કલ્પનાથી પણ પર છે શ્રુતિ જાહેર કરે છે 'બ્રહ્મવિત બ્રહ્મેવ ભવતિ, બ્રહ્મવિત પરમ આપનોતિ,' એટલે એમ કહેવાનું કે 'જેણે બ્રહ્મને જાણ્યું છે તે પોતે બ્રહ્મ બની જાય છે, જે કોઇ બ્રહ્મ તત્વને પ્રાપ્ત કરે છે તે સર્વોત્તમ બને છે.

બધા પરપોટા પણ એક જ પાણી છે; તે જ રીતે, નામ અને રૂપની અનેકવિધતા, આ સર્જેલી દુનિયા, તે સર્વ એક જ બ્રહ્મ છે. આ જ્ઞાનીની દ્રઢ નિષ્ઠા છે, બલ્કે, તેનો સાચો અનુભવ છે. જેમ બધી નદીઓ દરિયામાં વહી, તેમાં ભળી જાય છે, તે જ પ્રમાણે, જ્ઞાનીના પ્રકાશ સ્વરુપ ચિત્તમાં બધી ઇચ્છાઓ ઓગળી જાય છે. તેને આત્મસાક્ષાત્કાર, આત્મ દ્રષ્ટિ(આત્મ દર્શન) કહેવાય છે. આત્માને મૃત્યુ નથી, તે તેમ નથી? તે જન્મ્યો નથી અને પરિવર્તનની છ પ્રકારની પ્રક્રિયાની તેને કોઇ અસર નથી. તે અજા, અજર, અમર અને અવિનાશી છે. આ પ્રક્રિયા તો ક્ષણભંગુર શરીર માટે છે: તેઓ ષડ ભાવ વિકારો' છે. તેનો અર્થ -જન્મ થવો, અસ્તિત્વ, વૃધ્ધિ, ફેરફાર થવો (વિપરિણમતે), ઘરડા થવું, ક્ષિણ થવું, અને અંતે મૃત્યુ. આત્મામાં આવો કોઈ વિકાર નથી. તે સ્થિર, અચળ, સ્થાયી, અવકાશ અને સમયના બધા ફેરફારોનો સાક્ષી, રુપાંતરથી અસરમુક્ત, કમળના પાંદડા પર પડેલા જળ બિન્દુ સમાન છે.

બ્રહ્મ જ્ઞાનની, પરમ તત્વનું જ્ઞાન, પ્રાપ્તિથી જ મનની સ્પર્શક્ષમ રેસાઓમાંથી મુક્તિ મેળવી શકાય છે. આ પ્રકારની મુકિત એ સાચુ સ્વરાજય છે, આત્મ-રાજ છે. આ જ સાચો મોક્ષ છે. આ બધા પસાર થઇ જતા તમાશા પાછળની સચ્ચાઈને જે કોઇ ગ્રહણ કરી સમજી શકે તેને બીજી કોઇપણ વાસનાની માંગ, વૃત્તિઓ અથવા આવેશોની તેને કોઇ હેરાનગતી થશે નહીં, તે સાચા જ્ઞાનનો અધિપતિ બનશે.

ચોર જેણે આપણી પાસેથી મૂલ્યવાન રત્ન આત્માની ચોરી કરી છે તે બીજુ કોઇ નહી પણ મન છે; તેથી જો ચોરને પકડી, ધમકી આપી શિક્ષા કરવામાં આવે તો, રત્ન પાછું મેળવી શકાય છે. તે રત્નના માલિક, બ્રહ્મ તરીકે સ્થપાયા હોવાથી તેમને તરત માન મળે છે.

સાધકે પ્રતિષ્ઠિત જ્ઞાનીઓ જેમણે આ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેમની પાસેથી તેમના અનુભવમાંથી શીખવું જોઇએ, તેમને તે માટે માન આપવું જોઇએ, અને તેમના આનંદમાં ભાગીદાર થવું જોઇએ. ખરેખર, આવા સાધકોને આશીર્વાદ છે, કારણ તેઓ સ્વરાજ્યના આત્માના રાજના માર્ગ ઉપર છે. આ બ્રહ્મનું રહસ્ય છે, ત્યાં બીજું કોઇ છે જ નહીં તેવી સમજણ છે. આ આત્મ જ્ઞાન છે.

ચાર પ્રકારના જ્ઞાની છે: બ્રહ્મવિદ્, બ્રહ્મવિદ્વર્, બ્રહ્મવિદ્-વરીયાન, બ્રહ્મવિદ્-વરીષ્ઠ. જ્ઞાનીના સાત્વિક ગુણોના વિકાસ પ્રમાણે આ પ્રકારોમાં જુદા પડાયા છે, પહેલું, બ્રહ્મવિદ્ તે ચોથા નંબરની આવસ્થા જેને સત્વાપતિ કહેવાય ત્યાં પહોંચ્યો છે. બીજી બ્રહ્મવિદ્વર્ એણે પાંચમી મેળવી છે, જે અ-સંસક્તિ અવસ્થા છે. ત્રીજાએ છઠ્ઠી પદાર્થાભાવનાની અવસ્થા મેળવી  છે, ચોથી, બ્રહ્મવિદ્વરિષ્ઠ તે સાતમે દરજ્જે, જે તુરિયા, જે નિત્ય. શાશ્વત સમાધિ અવસ્થા છે.

શરીરમાં જીવતો હોવા છતાં બ્રહ્મવિદ્વરિષ્ઠ ‘જીવન મૂકત’ છે. તેને બળજબરીથી ખોરાક ખવડાવવાને અને પીવડાવવાને સમજાવવું પડે છે. દુનિયાને લગતા કોઇપણ કામમાં તે પોતાની જાતને જોડતો નથી. તે શરીર અને તેની માંગોથી સભાન નથી. જ્યારે બીજા ત્રણે જુદી જુદી તિવ્રતાથી તેને માટે સભાન(જાગ્રત) છે. તેઓ તેમની જાતને દુન્યવી પ્રવૃત્તિમાં, તેમના આધ્યાત્મિક મોભાને અનુસાર કામમાં રોકે છે. તે ત્રણેને માનસ, મનોનાશ માટે પ્રયત્ન કરવાનો છે. તે પણ બે દરજ્જાનું છે: સ્વરુપનાશ, મનની ચંચળતાનો અને તેમના આકારો અને રુપનો પણ વિનાશ, અને અરુપનાશ, માત્ર ઉશ્કેરાટનો (મનનો) વિનાશ.

આ વિચાર ઉપર કદાચ વાંચનારાઓને શંકા સતાવશે. તેઓ કદાચ પૂછશે, એવા કોણ છે જેમણે મનને જીત્યું છે અને સાફ કરી નાંખ્યું છે? જેઓમાં આસક્તિ કે ધિક્કાર, મદ તેમજ ઇર્ષા તથા લોભ હોતા નથી. જેઓ ઈન્દ્રિયોના બંધનમાંથી મુક્ત છે, તેઓ જ ખરેખર નેતા છે, જેમણે મનની સામેના યુધ્ધમાં વિજય મેળવ્યો છે. તે સાચો પુરાવો છે. આવા પરાક્રમી પુરુષો બધી વાસનાઓથી મુક્ત છે.

જેણે સ્વરૂપનાશ કર્યો છે તેણે તમસ અને રજસ બે ગુણોને પણ દૂર કર્યા છે અને તે શુદ્ધ સત્વના તેજ વડે પ્રકાશશે. તે શુદ્ધ ગુણની અસરને કારણે, તે જ્યાં પણ જશે ત્યાં પ્રેમ, કૃપા અને દયા ફેલાવશે. (બ્રહ્મવિદ્-વરીષ્ઠ, જે પહલેથી જ ‘મુકતે’ વ્યક્તિ છે. તેનામાં આ સત્વ ગુણ પણ ગેરહાજર છે). સત્વ ગુણ પાસે તેના આનુષાંગિકો તેજ, જ્ઞાન, આનંદ, શાંતિ, ભાઇચારો, સમાનતા, આત્મવિશ્વાસ, પવિત્રતા, શુધ્ધતા અને તેના  જેવા સમાન ગુણો અચૂક હશે. માત્ર તે જ જે સાત્વિક ગુણમાં તરબોળ હોય છે તે અંદર વસેલા આત્માની પ્રતિમાને નજરોનજર જોઈ શકે છે. જ્યારે

સત્વનું રાજસિક અને તામસિક સાથે મિશ્રણ થાય છે, ત્યારે તે અશુધ્ધ બને છે અને અજ્ઞાન અને ભ્રમનું કારણ બને છે. મનુષ્યના બંધન માટેનું આ કારણ છે. જે કોઇ વસ્તુનું ત્યાં અસ્તિત્વ નથી, ત્યાં તે છે તેવો ભ્રમ રાજસિક ગુણ પેદા કરે છે. તે ઈન્દ્રિયોના બાહ્ય જગત સાથેના સંપર્કને વિસ્તૃત કરે છે. તથા તેને ઊંડો કરે છે. તે પ્રિતી અને આસક્તિને પેદા કરે છે તેથી સુખ અને દુ:ખનાં બેવડા ખેંચાણને કારણે, તે માણસને પ્રવૃત્તિમાં વધુને વધુ ઊંડા ઊતારે છે. આ પ્રવૃત્તિઓ જ મનોવિકાર, ગુસ્સો, લોભ, અહંકાર, ધિક્કાર, મદ, કૃપણતા અને કપટને પોષે છે . અને તામસીક ગુણ? સારુ, તે દ્રષ્ટિને આંધળી બનાવે છે, અને બુધ્ધિને મંદ બનાવે છે, આળસ, નિંદ્રા, અને સુસ્તિને વધારે છે, મનુષ્યને ખોટે માર્ગે  દોરી જાય, જે તેના ધ્યેયથી દૂર છે. જો તે તમસમાં ડૂબેલો  હોય તો તે દેખીતાને 'નહીં દેખીતુ' કરી દેશે; વ્યક્તિને પોતાના સાચા અનુભવમાંથી  લાભ થવાને બદલે નિષ્ફળ જશે. મોટા પંડિતોને પણ ગેરમાર્ગે દોરી જશે, કારણ એવું જરુરી નથી કે વિદ્વત્તા નૈતિક બળ આપે છે, તમસના આ  પાસામાં ફસાયેલા પંડિતો સાચા નિર્ણય ઉપર આવી શકતા નથી.

ડાહ્યા માણસો પણ, જો તમસના સકંજામાં ફસાઇ જાય, તો તેઓ ઘણી શંકાઓ  અને અવિશ્વાસથી પીડાશે અને ઈન્દ્રિયભોગના સુખ તરફ ખેંચાશે, તે તેમણે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને નુકસાન પહોંચે ત્યાં સુધી. તેઓ તેમની મિલકત, તેમની પત્નિ, તેમના બાળકો અને એવી બીજી દુન્યવી ક્ષણભંગુરો  સાથે તેમની જાતને એકરૂપ કરતા થઇ જશે. તેઓ સત્યને અસત્ય સાથે અને અસત્યને સત્ય સાથે ગૂંચવી નાંખશે. નોંધ કરો, આ તમસ કેટલું મોટું છેતરનારુ છે.

માયાની આધ્યાસ કરવાની આ શકિત, જીવી અથવા વ્યક્તિથી તે જે વિશ્વવ્યાપક છે તેને, સત્ –ચિત્-આનંદ, જે તેનો સ્વભાવ છે તેને ઢાંકી દે છે. આ આખું જગત, જ્યાં તે માત્ર એક જ છે, બહુવિધતાના આરોપણમાંથી આ આખા જગતનો તેની નાનાવિધતા સાથે જન્મ થયો છે. જ્યારે આ બધી ઉત્ક્રાન્તિનું પ્રલય સમયે વિઘટન થાય છે, ત્યારે ત્રણે ગુણો પૂર્ણ સમતુલનમાં હોય છે. આ અવસ્થાને ગુણસામ્ય અવસ્થા કહે છે. પછી, ઇશ્વરના સંકલ્પ દ્વારા, સમતુલનમાં ખલેલ પહોંચવાથી પ્રવૃત્તિ શરુ થાય છે, જેનું પરિણામ વધુ પ્રવૃત્તિને જન્મ આપે છે. બીજા શબ્દોમાં દુનિયાની શરુઆત થાય, વિકાસ થાય અને પ્રગટ થાય છે, આ અવસ્થાને અસ્થિર, અથવા વૈષમ્ય કહે છે. આ રીતે, સૂક્ષ્મથી માંડી આંતરિક અજ્ઞાત તેમજ અર્ધજાગૃતથી બાહ્ય સ્થૂળ શરીર સુધી, બધું માયાને કારણે અથવા વ્યષ્ટિનું સમષ્ટિ ઉપરના અધ્યાસની શકિતનું કારણ છે. તે

કારણથી આ બધાની અન્-આત્મા, આત્મા નહીં એ રીતે ઉલ્લેખ કરાયો છે. તેઓ મૃગજળ જેવા છે, જે રણની રેતી ઉપર જળની આધ્યાસ કરે છે. તેનો વિનાશ માત્ર આત્મા અથવા બ્રહ્મની દ્રષ્ટિથી જ કરી શકાય છે.

વ્યક્તિને તેના સગાઓ તરફ જે પ્રીતિ છે, વ્યકિતને તેણે જ વસ્તુ માટેની ઇચ્છા કરી હોય તે પ્રાપ્ત થતા તેને જે સંતોષ થાય, અને તે વસ્તુઓનો ઉપયોગ કરતા તેને જે આનંદ થાય છે, આ બધા બંધનો છે, જેનો ચેતનાએ પોતાના ઉપર અભ્યાસ કરેલો છે. નિદ્રા અને સ્વપ્ન પણ એવા 'ઉશ્કેરાટો' જેને આત્માને સારી રીતે સ્પષ્ટપણે સમજવા અને કલ્પનામાં જોતા પહેલાં તેમને પણ દબાવી દેવાના છે. નિદ્રામાં પણ અજ્ઞાનના અંશો ટકી રહે છે. ચેતનાના જુદા જુદા સ્તરો ઉપર, 'હું' અને 'મારુ'ની લાગણી હદ વિનાની પ્રવૃતિઓ અને ઉશ્કેરાટો પેદા કરે છે. પરંતુ, જેમ માત્ર એક જ સૈનિક જે મોકાની જગ્યા ઉપર છે તે દુશ્મનના એક હારમાં નાના ગાબડામાંથી આવતા અનેક સો પ્રતિષ્ઠિતોનો સફળતાથી સામનો કરી શકે તેવી રીતે વ્યકિતએ, પ્રત્યેક ઉશ્કેરાટને જ્યારે અને જેવા ચેતનામાં ઉદભવી તેને અભિભૂત કરે કે તરત દબાવી દેવા જોઈએ. આ કરવાની હિંમત સાધનાના અભ્યાસથી મેળવાય છે.

જેવી વ્યક્તિ 'હું કોણ છું'? તેની શોધમાં લાગી જાય કે તરત બધા ઉશ્કેરાટો સમી જાય છે. આ સાધના રમણ મહર્ષિએ સિધ્ધ કરેલી અને તેમના શિષ્યોને શીખવેલી. બધી સાધનામાં તે પણ સૌથી વધુ સહેલી છે. પહેલાં, શુભેચ્છા હોવી જોઇએ, પોતાની જાતના શ્રેયસને સંપાદન કરવાની ઇરછા હોવી જોઇએ. આ તમને બ્રહ્મ અને તેના સિધ્ધાંત વિષેના પુસ્તકોનો અભ્યાસ, સારાની સોબતની શોધ, સંવેદનશીલ સુખમાથી પાછા ફેરવે અને મુમુક્ષુતા તરફ દોરી જશે મહાવાક્ય (ગૂઢઆધ્યાત્મિક સત્ય) છે, પણ 'અહમ્ બ્રહમાસ્મિ (હું બ્રહ્મ છું), તેમાં પણ અજ્ઞાનનો અંશ તેને લાગેલો છે, અહમ, હું અને બ્રહ્મ એકરૂપ હોવા છતાં તેમને અલગ ગણ્યા છે. આ અહમ (જીવ, હું) એટલો હઠીલો છે કે 'તત્ ત્વમ્ અસિ' (તે તું છે) અને સર્વાત્મા અથવા બ્રહ્મ; મહાવાક્યના લક્ષ્ય ઉપર માત્ર નિરંતર ધ્યાન દ્વારા તે અદ્રશ્ય થશે. આ વિચારણા અવસ્થા અથવા, ભૂમિકા છે; ભૂમિકાએ, શુભેચ્છા અવસ્થાની અનુગામી છે. આ બે સાધનો દ્વારા મનને શીધ્ર બ્રહ્મ ઉપર સ્થિર કરી ધ્યાન કરાય છે મનની પ્રગતિશીલ ચડતી માટે પ્રત્યેક અવસ્થા નિસરણીનું

એક એક પગથિયું છે સ્થૂળમાંથી સૂક્ષ્મ અને સૂક્ષ્મમાંથી અસ્તિત્વ વિનાના (ન હયાતી) માટે છે. આવું 'તનુમાનસી' અથવા છેલ્લી અવસ્થા છે.

ઉપર  ત્રણ અવસ્થાનો નિર્દેશ કર્યો તે અને તેઓ જે સાધનાને કરાવે છે તે બધી ઇચ્છાઓ અને તૃષ્ણાઓનો નાશ કરશે અને સત્યના (આત્મ તત્વ) જ્ઞાનને પ્રકાશિત કરશે. મન સંપૂર્ણ રીતે શુધ્ધ થઈ જશે અને સત્યમાં તરબોળ થઈ જશે. આને 'અસંસકિતુ' અથવા અનાસકિતની અવસ્થા અથવા અસંસર્ગની અવસ્થા કહે છે. એટલે એમ કહેવાનું કે, બાહ્ય જગત સાથેના તેમજ પોતાના ભૂતકાળ સાથેના પણ બધા સંસર્ગો સાફ થઈ જાય છે. આંતરિક(વૃતિઓ) તેમજ બાહ્ય (પદાર્થો)ની તરફ કોઈ ધ્યાન અપાતું નથી. સાધક 'અભાવપ્રતીતિ' એમ તે કહેવાય છે તેને પહોંચે છે, તેની પોતાની કોઈ પદાર્થભાવના રહેતી નથી. એટલે એમ કહેવાય, કોઈપણ પદાર્થ તેની ચેતનામાં કોઈપણ વિકાર પેદા કરી શકે નહી. તે, પૂર્ણ જ્ઞાની કાયમ આત્માના આંનદમાં ડૂબેલો રહેશે. તેનામાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટીનો બોધ/જ્ઞાન નથી. આ તુરીય, ચોથી, પારની અવસ્થા છે.

કેટલાંક જાગ્રત સ્વપ્નમાં છે. તેઓ જોએલું અને નહીં-જોયેલું, જાણેલું અને  અનજાણ્યુ વડે યોજના કરી હવાઇ કિલ્લા રચે છે. બીજા વિશેષ-જાગ્રત, મહાજાગ્રત છે. ઘણાં જન્મથી તેઓનું 'હું' અને 'મારું' ઘણાં ઊંડા મૂળવાળુ બની જાય છે. આ બધું કંઇ નહી પણ વૃત્તિઓ છે, જ્યારે આ બધાનો  નાશ થશે ત્યારે જ જ્ઞાનનો ઉદય થશે. ત્યાં સુધી, ગમે તેટલું  વ્યકિત નામ અને રુપ વિષે જાણશે છતાં વ્યક્તિ સત્યને ગ્રહણ કરી શક્શે નહીં. જેની બધી વૃત્તિઓ અને વાસનાઓ ચાલી જાય તે નિશાનીવાળી વ્યકિત ખરેખર સત્યને જાણે છે.

વાદળાઓ તરફ જુઓ, તેઓ આકાશમાં આમથી તેમ ઘૂમે છે; નોંધ કરો તેમને કોઇ પણ નિકટનું કાયમી સગપણ આકાશ, જેને તેઓ થોડીક ક્ષણો માટે ઢાંકે છે, તેની સાથે નથી.

આવો જ સંબંધ તમને તમારા શરીર સાથે છે, એટલે એમ કહેવાનું, તમે, જેઓ પરમાત્માના સ્વભાવ અથવા લક્ષણવાળા છો. જ્યારે શરીર એ તો ક્ષણિક પસાર થતી અવસ્થા વિશેષ (ક્ષણિક, ગતિમાનતા) છે, જે સત્યને છુપાવે તથા સંતાડે છે.

શરીરનો વર્તાવ - જાગ્રત, સ્વપ્ન અને નિદ્રા - શાશ્વત ચેતના અથવા પરમાત્માને કઇ રીતે અસર કરી શકે?

તમારા પડછાયાનું શું? તે તમારાથી કંઇ જુદો નથી? તેની લંબાઇ અથવા સ્પષ્ટતા અથવા દોડ તમને કોઈપણ રીતે અસર કરે છે? સમજીલો કે તેવોજ સંબંધ તમારા શરીર અને તમારી જાત વચ્ચે છે. જો તમે આ માંસ અને હાડકાના પોટલાને તમારી જાત તરીકે સમજી લેશો, તો તેને શું થાય છે તે સમજો, અને ક્યાં સુધી તમે તેને 'મારું' કહી શકશો. આ કૂટપ્રશ્ન ઉપર વિચાર કરવો તે જ્ઞાનની શરુઆત છે.

આ ભૌતિક આકૃતિ, જે પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ અને આકાશમાંથી બનેલી તેના ઘટકોમાં જુદી પડી જાય, જેવું બધી બનેલી વસ્તુનું થાય છે, માત્ર અજ્ઞાન તેને સાચા તરીકે લેશે. ફક્ત અભણ તેનું મહત્વ કાયમી અને અવિનાશી તરીકે કરશે, જન્મ પહેલાં આ શરીરનું અસ્તિત્વ હતું? મૃત્યુ પછી તે ટકી રહેશે? ના. તે દેખાશે અને અદ્રશ્ય થઇ જશે, તેનું બે વચ્ચેના સમયગાળામાં અસ્તિત્વ. તેથી, તે નિરર્થક છે. તેથી તેની ગણના માત્ર વાદળ કે પડછાયા તરીકે કરવાની છે.

સાચી પરિસ્થિતિમાં, આ ભૌતિક દુનિયા, જાદુગરની લાક્ડીથી ઉગાડેલા કેરીના ઝાડ જેવી છે જે છેતરનાર તરીકે જાણીતા મનની પેદાશ છે. જેવી રીતે માટી ઘડો, તાવડી અને તાટમાં આકાર લે છે અને થોડા સમય બાદ ફરી પાછી તે માટી બની જાય છે, આકાર રહીત માટી, તે જ પ્રમાણે, આ બધું આકાર રહિત સત્-ચિત્-આનંદ છે; મનના ભ્રમ અને અજ્ઞાનના કારણે નિરાકાર થોડા સમય માટે આકારવાળું દેખાય છે, કેટલીક વસ્તુઓ ઉપયોગી છે, કેટલીક ઉપયોગી નથી , બધું નામ અને આકારને કારણે છે.

બધા રૂપો તે છે; બધા તે છે; તમે પણ તે જ છો; તે, ભૂત, વર્તમાન અને ભવિષ્યથી પર અને ઉપર પણ તે જ છે. તમે આ શરીર નથી જે સમયથી બંધાયેલું અને જે હતું, છે અને હશે-ની જાળમાં ફસાયેલું તે શરીર નથી. હંમેશા આ ભાવનામાં કાયમ સ્થિર રહો, કે તમે પરબ્રહ્મના

સ્વભાવવાળા છો તેવા વિચારમાં સતત રાચો (વસેલા રહો), આ રીતે તમારો જ્ઞાનીમાં વિકાસ થશે.

તે મન, જે પદાર્થો માટે, લોકોના સંગ માટે અને આ જગ્યા કે પેલીની પસંદગી માટે તલસે છે બંધનમાં છે, આસક્તિ એ બંધન છે. અનાસક્તિ તે મુકિત, મોક્ષ છે. તૃષ્ણા એ તમને બાંધે છે, મૃત્યુ માટે. બધી આસક્તિઓથી  મનને પાછું ખેંચવું એટલે સ્વતંત્ર થવાય, કાયમને માટે જીવવા.

'મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો:" મનુષ્યને માટે, મન જ પોતે બંધન પેદા કરે છે તેમજ મોક્ષ અપાવે છે. મન પદાર્થની પાછળ દોડે છે અને તેને આસકત  થઈ જાય છે. ઈન્દ્રિયોને જાગ્રત કરે છે. અને કાર્ય પરિણમે છે. બદલામાં મન સુખી કે દુ:ખી થાય છે, ભાવના પેદા કરે છે, ડર પ્રવેશે છે, ક્રોધ વધે છે, પ્રીતિ વિકસે છે. આ રીતે બંધનો વધુ મજબૂત બને છે.

આસક્તિના ડર, ક્રોધ અને પ્રીતિ બહુજ નજદીક્ના સોબતીઓ, તેના હૃદયના સોથી વધુ વ્હાલા ગોઠિયાઓ છે, તેઓ બધા ચાર છુટા પાડી ન શકાય તેવા સાથીદારો, કાયમ સાથે ફરે છે. તે કારણે પતંજલીને પણ એમ કહેવાની ફરજ પડી, 'આસક્તિ સુખ પાછળ દોડે છે.' તે એવું શું છે જે સુખ આપે છે? ઇચ્છાઓની તૃપ્તિ, તે તેમ નથી? ઇચ્છા, જેઓ આડે આવે તેમને ધિક્કારે, જેઓ તેને પોષે તેમને માટે ઘેલાપણું કરે, અને ગમા અણગમાના દ્વન્દ્વના અનિવાર્ય ચક્ર તરફ દોરી જાય છે. અજ્ઞાની માટે આમાંથી કોઇ છુટકારો નથી.

અશુધ્ધ સોનુ કુલડીમાં ઓગાળે  અને તે તેજસ્વી અને પ્રકાશીત બને છે. મન રજસ અને તમસ, ગુસ્સો અને અહંકાર, હજારો આસક્તિઓ  અને ઇચ્છાઓનાં સંસ્કારોથી અશુધ્ધ બન્યું છે, જો તેને શોધની કુલડીમાં મુકી વિવેકના અગ્નિ ઉપર તપાવવામાં આવે તો તેને તેજસ્વી અને ચળકતુ બનાવી શકાય છે. તે પ્રકાશ જ તમે આત્મા છો તે જ્ઞાનના સાક્ષાત્કારની તેજસ્વીતા છે.

જેમ આંધી બધી વસ્તુને ધૂળથી ઢાંકી દે છે, તે પ્રમાણે ઇચ્છાઓ, આસક્તિઓ , લાલસા અને તૃષ્ણા બધા મનને કાળુ કરે છે, તે બધાને દૂર રાખવા જોઇએ, જેથી આત્માનું તેજ બ્રહ્મ, પરમાત્માના તેજમાં વિલીન થઇ શકે.

ગમે તે કટોકટી, ગમે તેટલું ઊંડુ દુ:ખ આવે તો પણ તમારા મન ઉપરની પકડને ઢીલી ન થવા દો, ઉચ્ચ મૂલ્યો ઉપર તમારી દ્રષ્ટિ સ્થિર કરી તેને મજબૂત કરો. હૃદયના મંદિરથી મનને બહાર જવા ન દો. અંદર વસેલા આત્માની તરફ મનને નમન કરાવો.

આ રીતે, વ્યક્તિ સવિકલ્પ સમાધિમાંથી વિકલ્પ સમાધિ તરફ પ્રગતિ કરી શકે, એટલે એમ કહેવાનું કે, ભેદને અભેદમાં વિલીન કરો. કોઇ પણ નિશાની વિના ભ્રમ અદ્રશ્ય થવો જ જોઇએ. ત્યાર પછી જ વ્યક્તિ અભેદમાં વિલીન થઇ શકે. ત્યાં કોઇ ભેદ નથી. તે બ્રહ્મ અને માત્ર બ્રહ્મ છે. અવિદ્યા કામના વિગેરેના બધા બંધનો તૂટી જશે અને વ્યક્તિ સાચી રીતે, પૂરેપૂરી સ્વતંત્ર (દરેક રીતે મુકત) થાય છે.

સાપ તેની કાંચળી ઉતારી નાંખે પછી તેને તેની સાથે કોઇ લેવાદેવા રહેતી નથી. તે પ્રકારની અનાસકિતનું વલણ વિકસાવો. શરીરના મોહમાંથી ઊગરી જાવ. નબળાઓ આ સત્યને કદી ગ્રહણ કરી ન શકશે. આત્મા અને તેની મહાનતા ઉપર સતત ધ્યાનથી, વ્યક્તિ જગત અને તેના વ્યવહારના બંધનોમાંથી બહાર નીકળી શકશે. સાધક, જે ઉત્સાહી છે, તેણે પોતાનું બધું ધ્યાન અને પ્રયત્નો આ સંવેદનશીલ જગત તરફ વિમુખ કરી અને શાશ્વત બ્રહ્મ ઉપર સ્થિર કરવું જોઇએ.

માણસ આકસ્મિક આનંદ અને ક્ષણિક સુખમાં આળોટવા માટે જ જાગ્રત થયો નથી. તેમ માનવું તે તો ગાંડપણ છે. પોતાની જાતને 'હું' સાથે એકરુપ કરવી અને 'મારુ' સાથે આસક્ત થતા જવુ - તે દુ:ખ અને અજ્ઞાનનું મૂળ કારણ છે. જયાં અહંકાર નથી હોતો, ત્યાં બાહય જગતની કોઇ જાણકારી રહેતી નથી. જ્યારે બાહ્ય જગતનું જ્ઞાન રહેતું નથી, તો પછી અહંકાર ટકી શકતો નથી. તેથી, ડાહ્યો (જ્ઞાની) માણસ, પોતાની જાતને જગત સાથે એકરુપ નહીં કરી અને ઇશ્વરના પ્રતિનિધિ તરીકે કાયમ વર્તે છે, જગતમાં રહીને પણ તેનો નહી.

એકવાર વાર્તાલાપની વચ્ચે, વશિષ્ઠએ રામને આ પ્રમાણે કહ્યું, 'સાંભળ, ઓ રામ, પરાક્રમી,જીવ એ તો આખલો છે, મોહના વિશાળ ફેલાયેલા વૃક્ષની છાયામાં અઢેલીને બેઠેલો છે.

તે ઇચ્છાઓના દોરડાથી બંધાયેલો છે અને તેથી તે અશાંતિ, ચિંતા અને રોગના ચાંચડ અને કીડાઓનાં  ચેપથી ઘેરાયેલો પીડાય છે. ઇન્દ્રિયોની તૃષાને છીપાવવા માટે તે અધર્મના કીચડમાં આળોટે, તેમજ અજ્ઞાનની અંધારી રાતમાં તરફડિયાં મારે છે. પછી, કેટલાક સાધુ માણસો જેઓ ડાહ્યા (જ્ઞાની) છે તેઓ તેને જંગલના અંધારા સ્થળમાંથી છોડાવી અને બહાર લાવે છે. વિવેક અને શોધના વિચાર દ્વારા, વ્યકિત વિજ્ઞાન મેળવે છે અને વિજ્ઞાન દ્વારા વ્યકિત સત્યને ગ્રહણ કરી શકે, આત્મ-સાક્ષાત્કાર કરી શકે, અને આત્માને જાણી શકે છેઃ બધી જી`દગીનું આ અંતિમ લક્ષ્ય છે, ભૂત, વર્તમાન અને ભવિષ્યની પારની અવસ્થા છે.'

એક મુદ્દાની સ્પષ્ટ રીતે નોંધ કરી યાદ રાખવાની હમેંશ જરૂર છે : ઇન્દ્રિયોની લાલસાના સંતોષ માટે માત્ર બાહ્ય પ્રવૃત્તિઓ છોડી દેવાનું પૂરતું નથી. અંદરની તૃષ્ણા મૂળથી ઊખેડી નાખવાની છે. તૃષ્ણા શબ્દમાં આ બંનેનો સમાવેશ છે: અંદરની પ્રેરણા અને બાહ્ય વ્યવહાર. જ્યારે અંદરની  પ્રેરણાઓ અટકી જાય છે, તે મુક્ત તૃષ્ણા કહેવાય છે. આત્માનું જ્ઞાન અને આત્મમાં શ્રધ્ધા- માત્ર આજ અપ્રસ્તુત તૃષ્ણાનો નાશ કરી શકે છે.

જ્યારે જ્ઞાની એમ જાહેર કરે છે, 'હું બ્રહ્મ છું' ત્યારે તેના અનુભવની સચ્ચાઈના આધારે સત્ય બોલે છે. જ્યારે સ્થૂળ અને સૂક્ષ્મ બન્નેની ઉપર થઇ જાય, જ્યારે મન, બૃધ્ધિ અને પ્રાણ શુધ્ધ થઇ ઊંચા ભાવને પહોંચે છે, એટલે એમ કહેવાનું કે, વિચારો, લાગણીઓ, વાસનાઓ અને સંસ્કારોથી  આત્મા હવે પછી બંધનમાં નથી, બાકી રહે છે માત્ર સત્, અસ્તિત્વ- શુધ્ધ અને પવિત્ર પરબ્રહ્મ. ત્યાર  પછીથી, જ્ઞાનીને સર્વવ્યાપી, સર્વશક્તિમાન સાથે એકતાનો અનુભવ થાય છે. જ્યારે અભણ, દીક્ષાના મંડાણ કર્યા વિનાની, જેણે પોતાની જાતને સાધનાની શરુઆતના પહેલાં પગરણ પણ શીખવ્યા નથી, તે વ્યક્તિ તેના સ્થૂળ શરીર સાથે એકરૂપતા અનુભવે છે.

સત્-ચિત્-આનંદ-અભિવ્યક્તિ નિત્યતા સૂચવે છે. નિરાકાર એટલે આકાર અથવા રુપ વિનાની છે. સર્વવ્યાપી અને સર્વને સમાવનાર, તે, તેને આપણે કયો આકાર આપી શકીએ? 'પર' અથવા 'પરમ' એટલે શ્રેષ્ઠ કોટિનું, અતિત, ઉચ્ચ, બધા કરતા વધુ મહાન છે. પરબ્રહ્મ સૂચવે છે કે, તે બધી વસ્તુની પાછળ અને બધાની પેલી પારનું છે, ત્રિલોક્માં જે કોઇપણ વસ્તુઓ છે તે બધાથી શ્રેષ્ઠ કોટીનું છે. તે અદ્વૈત, અનુપમ, શાશ્વત અને અનંત છે. 'બે' એટલે ભેદ, કુસંપ અને

અનિવાર્ય વિસંવાદિતા છે. બ્રહ્મ સર્વવ્યાપી છે, તેથી તે એક અને માત્ર એક છે. તે અવિભાજ્ય અને અવિનાશી છે. આને સમજવું તે 'જ્ઞાન', 'પરમ વિજ્ઞાન (ઉચ્ચતમ જ્ઞાન)' છે.

'બૃહ' ધાતુમાંથી (મૂળ શબ્દ) બ્રહ્મ શબ્દની વ્યુતપત્તિ છે, તેનો અર્થ વિસ્તાર, વૃધ્ધિ, ફેલાવવું, વિગેરે... બૃહત એટલે મોટું, ફેલાયેલું, સ્થૂળ, ઊંચુ, વિગેરે... પુરુષનો ધાતુ પ્રિ એટલે ભરવું, પૂર્ણ કરવું, પુરનો અર્થ શહેર વસનારાઓથી 'ભરેલું', શરીર, અલંકારિક રીતે બોલતા એમ કહેવાય કે તે જે પૂર્ણ કરે અથવા અંદર રહેલો છે અથવા જે તેને ભરે છે, તે પુરુષ છે.

આત્મા શબ્દનો ધાતુ (મૂળ શબ્દ) 'આપ' છે જેનો અર્થ પ્રાપ્ત કરવું, મેળવવું, જીતવું વિગેરે.. જે આત્માને જાણે છે તે બધું જ્ઞાન પ્રાપ્ત કરી શકે, દરેક વસ્તુ તેણે મેળવી છે, તેણે બધી વસ્તુનું જ્ઞાન મેળવ્યું છે કારણ આત્મા સર્વવ્યાપી છે. તે સત્-ચિત્-આનંદમાં સ્થિર થયો છે; એટલે કે, (બ્રહ્મ સ્વરુપમાં. શાંતનો (સમતા)નો સાર સત્ છે, જ્ઞાનનો સાર ચિત્ છે; આ બે અને આનંદ એમ બધા મળીને બ્રહ્મ સ્વરુપ બનાવે છે, અથવા બ્રહ્મનું સ્વરુપ છે.

તૈતીરીય ઉપનિષદમાં એમ કહ્યું છે, 'આનંદ દ્વારા આ બધાનો જન્મ થયો છે, આનંદ દ્વારા આ બધા જીવે છે, અને આનંદ એકલામાં જ આ બધાનો લય થાય છે. આનંદમાં આ બધા રહેલા છે.' બ્રહ્મની સ્થિતી જેવી જ અંતરાત્માની સ્થિતી પણ છે અને સમાન ગુણો પણ ધરાવે છે. તે પણ આનંદમાથી જન્મેલો, આનંદથી પૂર્ણ અને આનંદમાં લય છે. જેટલું જ્ઞાન વધારે, તેટલો આનંદનો અનુભવ વધારે. જ્ઞાનીનો આનંદ એના જમણા હાથ જેવો છે, બધા આકસ્મિક પ્રસંગોમાં મદદરૂપ અને હંમેશ રાજીખુશીથી તૈયાર અને સંકટમાં મદદ કરવા આવી શકે છે.

ભૂમાનો અર્થ 'અમર્યાદિત', છાંદોગ્ય ઉપનિષદ કહે છે કે, આનંદ ફક્ત ભૂમા, શાશ્વત, બ્રહ્મમાં રહેલો છે. જ્ઞાનીઓએ તેમના બ્રહ્મના અનુભવને વર્ણવવા જે બીજો શબ્દ વાપર્યો છે તે 'જ્યોતિસ્વરૂપ' છે, એનો અર્થ, 'જેનો સ્વભાવ તેજ, મહાનતા અથવા દૈદિપ્યમાન, તે પોતે જ પ્રકાશ છે'. દસ કોટિ સૂર્ય પ્રકાશ પણ પરમાત્માના પ્રકાશ સમાન આવી ન શકે. શાંતિ સ્વરૂપ શબ્દ એવું સૂચવે છે કે તે પોતે જ શાંતિ છે. શ્રુતિ વાકયોમાં 'અયમ આત્મા શાંત:' માં ખુલ્લે ખુલ્લુ કહ્યું છે કે પરમાત્મા પ્રશાંતિ પોતે જ છે.

આ કારણને લીધે પરમાત્માને વર્ણવવામાં આવ્યા છે. આ રીતે નિત્ય શુધ્ધ, નિત્ય બુધ્ધ, નિત્ય મુક્ત, નિત્ય પ્રકાશિત, નિત્ય તૃપ્ત, નિત્ય ચેતન વિગેરે... તે પોતે જાતે જ જ્ઞાન છે અને તેથી બધા ઉપદેશોની મૂર્તિ છે. તે કોઈપણ વસ્તુ સાથે બંધાયેલો નથી તેથી, તે કાયમ મુક્ત છે. જ્યારે બ્રહ્મનો અનુભવ લેવાય છે, તે ક્ષણથી જ બધી ભૂખ અટકી જાય છે, બધી ઇચ્છાઓનો અંત આવી જાય છે, તેથી તે તૃપ્તિ આપે છે. બ્રહ્મના સાચા અનુભવને વિજ્ઞાન નામ અપાયું છે. ચોપડીઓના અભ્યાસમાંથી એકઠી કરેલી માહિતીઓના ભંડોળ જેવુ તે જ્ઞાન નથી, પણ તે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન છે. કોઈપણ શાખાના ભણતરના અભ્યાસનું અંતિમ પરિણામ, તે બધા અભ્યાસના ફળને પણ કેટલીક વાર વિજ્ઞાન તરીકે પણ ઉલ્લેખ કરાય છે. પરંતુ બ્રહ્મનું અજોડ જુદા જુદા નામોથી જાણીતું છે, જેવા કે જ્ઞાન, વિજ્ઞાન, પ્રજ્ઞાન (સર્વોત્કૃષ્ટ જ્ઞાન), ચિત્(પૂર્ણ જ્ઞાન). ચૈતન્ય, વિગેરે... ચૈતન્ય એટલે શુધ્ધ ચેતના. તેનાથી ઊલટું અચેતન અથવા જડ, સુસ્ત છે. આત્મ જ્ઞાન દરેક વસ્તુને ચેતનવંતી અને ગતિશીલ કરે છે. બ્રહ્મ શાશ્વત ચેતનવંતુ, નિત્ય ચૈતન્ય છે.

જ્ઞાનીને એવું લાગશે કે દરેકમાં રહેલો આત્મા તેનો પોતાનો જ આત્મા છે. તેને આનંદ થશે કે તે આ બધુ પોતે જ છે. માણસ અને માણસ વચ્ચે તેને કોઈ તફાવત દેખાશે નહી કારણ તે માત્ર એક્તા અનુભવશે, ભિન્નત્તા નહી, રંગ, જાતિ, અને પંથના ભૌતિક તફાવતો માત્ર શરીરને વળગેલા છે. આ બધી બાહ્ય શરીરની નિશાનીઓ છે, આત્મા તો નિષ્કાલ છે, એટલે એમ કહેવાનું, તેના કોઈ ભાગ કે અંશ નથી. તે નિર્મળ, નિર્દોષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર્ય આની એને કોઈ અસર થતી નથી. તે નિષ્ક્રિય, પ્રવૃતિ રહિત છે. આ બધા રૂપાંતરો પ્રકૃતિમાં (સંવેનદનશીલ જગત ) આવે છે અથવા તેમાં રૂપાંતર થયું છે તેવી છાપ ઊભી કરે છે. પુરુષ તો નિત્ય સાક્ષી, નિત્ય અક્રીય, વિકાર રહિત છે.

'આ સત્ય છે', તેને વિષે તમે શું કહી શકો? માત્ર આ- જે ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં ટકેલું છે, જેને આદિ કે અંત નથી, જે અચળ અથવા અપરિવર્તનશીલ છે, તેનું સતત એકધારું રૂપ છે, એક સરખો અનુભવ કરાવવાના ગુણવાળો છે. સારું, આપણે શરીર, ઇન્દ્રિયો, મન, પ્રાણ,

શકિત અને એવા બધાનો વિચાર કર્યો. તેઓ ચલીત થાય અને પરિવર્તન પામે છે. તેમની શરૂઆત અને અંત આવે છે. તેઓ જડ છે. તેમને ત્રણ ગુણો-તમસ, રજસ અને સત્વ છે. તેઓ પાયાના  અસ્તિત્વ વિનાના છે. તેઓ અસ્તિત્વનો ભ્રમ પેદા કરે છે. તેમનું માત્ર વ્યવહારિક મૂલ્ય છે, તેમનું કોઈ પારમાર્થિક મૂલ્ય નથી, તેઓ ઉછીના તેજથી પ્રકાશે છે.

સંપૂર્ણ સત્ય સમય અને સ્થળની પહોંચથી પાર છે, તે અપરિમિત છે. એટલે અવિભાજ્ય છે. તેને શરૂઆત નથી, તે હંમેશ છે અને તેનું કાયમ અસ્તિત્વ છે: તે આધાર છે, મૂળ પાયાનું, તે સ્વયં સિધ્ધ છે, તેને જાણવું, તેનો અનુભવ કરવો, તે જ્ઞાન છે, તે અનિર્દેશીય છે, એટલે કે, તે આવું છે કે તેવું છે તેમ સ્પષ્ટ નિશાની આપી ન શકાય, અને તેને કેટલાંક ગુણોથી સમજાવી નહી શકાય. જે વસ્તુ મન અને બુધ્ધિથી પાર અને તેની પહોંચની બહાર છે તેને માત્ર શબ્દો દ્વારા કઇ રીતે વર્ણવી શકાય?

તે અદ્રશ્ય પણ કહેવાય છે, આંખથી અદ્રશ્ય, દ્રષ્ટિ સંબંધી ઉપકરણોમાં પરિવર્તન આવે છે અને તેની શક્તિમાં મર્યાદા છે. કોઈપણ ભૌતિક અને સ્થુળ વસ્તુથી બ્રહ્મ કદાપિ સમજી શકાય નહી. બ્રહ્મ દ્વારા જ આંખ જોઈ શકે છે, તો પછી કઇ રીતે આંખ બ્રહ્મને જોઈ શકે? સમય, સ્થળ અને કારણની મર્યાદાથી મન બંધાયેલું છે. તો પછી કઇ રીતે પરમાત્મા આ બધાથી સર્વોપરી છે અને તે બધાની અસરથી મુક્ત છે, તેમનાથી મર્યાદિત કરી શકાય?

અમળ, વિમળ, નિર્મળ શબ્દો પરમાત્માને માટે વપરાય છે તે સમાન અર્થ સૂચવે છે. અ-મળ  અશુધ્ધિની ગેરહાજરી સૂચવે છે, નિર્મળ, ‘અશુધ્ધિ વિનાનું’ અને વિમળ, ‘બધી અશુધ્ધિઓનો કાયમી નાશ’. તે જ પ્રમાણે, અ-ચિનત્ય (કલ્પના કરી ન શકાય તેવું). અ-વ્યવહાર્ય, (કોઈપણ પ્રવૃતિ વિનાનું, પ્રવૃતિ અથવા કાર્ય લઇએ ત્યારે બીજાનું અથવા બીજાઓનું અસ્તિત્વનો અર્થ સૂચવે, વસ્તુસ્થિતી જોતાં તે તો અજોડ છે અને તેથી તે બીજા તરફ જવા કે તેનાથી દૂર જવા માટે અજ્ઞાત છે) આ શબ્દો બ્રહ્મને લાગુ પડે છે.

એ જાણી લો કે જગત એ વિરાટ પુરુષનું સ્વરૂપ છે, માયાએ પરમાત્માની ઉપર રૂપનો આરોપ કર્યો છે. બ્રહ્મન્, અંતર્યામી, આંતરિક શક્તિ છે તે બન્યું છે અથવા આ બધુ બનેલું છે તેવું દેખાય છે. નિર્ગુણ પાસામાં તે આદિ કારણ, હિરણ્ય ગર્ભ છે, જેનું પ્રગટીકરણ સર્જન છે. જગતના આ રહસ્ય અને તેની ઉત્પતિ અને તેનું અસ્તિત્વ જાણવું – તે જ્ઞાન છે.

ઘણાં લોકો એવો વાદ કરે છે કે જ્ઞાન એ બ્રહ્મના ગુણોમાનો એક ગુણ છે, તે બ્રહ્મના સ્વભાવ વાળું છે, બ્રહ્મનું લક્ષણ છે વિગેરે. પરંતુ આવા અભિપ્રાયો ખરા અનુભવના, ખરા જ્ઞાન પ્રાપ્તિના અભાવમાં માત્ર ઉત્પન્ન થાય છે. જ્યારે સાક્ષાત અનુભવ નથી હોતો, ત્યારે વાદવિવાદ અને ચર્ચાઓ વધતાં જાય છે; સત્યનો સાક્ષાત્કાર એ વ્યક્તિગત છે, પોતાની જાતના પ્રગટીકરણ ઉપર આધાર રાખે છે.

હું જાહેર કરું છું કે જ્ઞાન બ્રહ્મ છે, નહી કે લક્ષણ, ગુણ, કે ખાસિયત. વેદો અને શાસ્ત્રો એવું જાહેર કરે છે કે બ્રહ્મ એ સત્ય, જ્ઞાન અને આનંદ છે, બ્રહ્મને આ અને બીજા ગુણો છે એવું નથી. જ્યારે બ્રહ્મ જણાઈ જાય છે, ત્યારે જાણનાર, જાણેલું અને જ્ઞાન બધુ એક થઈ જાય છે.

ખરેખર, બ્રહ્મ આવું અને તેવું એમ વર્ણવી નહીં શકાય: તે કારણથી તેનો ઉચિત નિર્દેશ ‘સત્' તરીકે કરાયો છે, ‘તે છે’. જ્ઞાન પણ માત્ર સત્ ન વધુ ન ઓછું). ક્ષુતિઓ વિજ્ઞાનઘન શબ્દ બ્રહ્મને સૂચવવા માટે વાપરે છે, તેમ નથી? તે શબ્દની અર્થ સરવાળે વિજ્ઞાન થાય છે, અગેંજીમાં જ્ઞાનને દર્શાવવા મોટા અક્ષરનો ક્ષ છે. માત્ર જેઓ શ્રુતિ અને શાસ્ત્રોથી અણજાણ છે તેઓ જ ખાત્રીપૂર્વક કહે છે કે જ્ઞાન અને બ્રહ્મ અલગ છે. જ્ઞાન બ્રહ્મ છે; જુદાપણું અશક્ય છે. ભેદને માની લેવો તે અજ્ઞાનની નિશાની છે.

બધું જ્ઞાન જે ત્રણ ગુણોથી મર્યાદિત થયું છે તે અજ્ઞાન (ખોટુ જ્ઞાન) છે, તે અલૌકિક જ્ઞાન નથી, જે તામસિક, રાજસિક અને તેમજ સાત્વિક હેતુઓના આવેગો અને ગુણોથી પણ પરનું અને ઊંચુ છે. તો પછી કઇ રીતે આવી મર્યાદિત માહિતી, જ્ઞાન હોઇ શકે? અલૌકિક્નું જ્ઞાન પણ અલૌકિક થવું જોઇએ, તેના સમપ્રમાણમાં અને સમાન અંશે.

એમ કહેવાય કે બ્રહ્મને આકાર છે જ્યારે જ્ઞાન આકાર રહિત છે; પરંતુ શબ્દના સાચા અર્થમાં બન્ને નિરાકાર છે. બ્રહ્મનું દેખીતું રુપ અવિધ્યા કે અજ્ઞાનનું પરિણામ છે બ્રહ્મને રુપ અપાય છે માત્ર શરીરમાં રહેલા જીવને તે વસે છે ત્યાં સુધી તેનો ઉપયોગ કરવા માટે છે, સંપૂર્ણને મર્યાદિતની કક્ષા ઉપર નીચે ઉતારાય છે, કારણ આત્મા પણ શરીરમાં મર્યાદિત થયો છે. આ મનુષ્યના જીવનકાળ દરમ્યાન જ આત્માની મર્યાદિત અવસ્થા છે, તે ન જાણવું તે પ્રાણીની જડતા સુધી નીચે જવા જેવું છે.

'જ્ઞાન એ બધા અનિષ્ટો, મુશ્કેલીઓ અને કષ્ટોની જડીબુટ્ટી છે.' આ રીતે વેદોએ તેનું વર્ણન કર્યું છે. આ જ્ઞાન મેળવવા માટે ઘણાં માર્ગો છે, તેમાં મુખ્ય ભકિત માર્ગ (ઇશ્વર તરફ વાળેલો પ્રેમ) છે, જે માર્ગને વશિષ્ટ, નારદ, વ્યાસ, જયદેવ, ગૌરાંગ અને બીજા મહાન સંતોએ અપનાવ્યો હતો. જેમ દિવામાં તેલ જ્યોત માટે છે તેમ ભકિત એ જ્ઞાનની જ્યોત માટે છે. જ્ઞાનના આનંદનું સ્વર્ગિય વૃક્ષ ભકિતના તાજગીભર્યા પાણીથી પોષાય છે. આને બરોબર સમજો.

આ કારણસર કૃષ્ણ, જે પ્રેમમૂર્તિ (વિશ્વ પ્રેમ) હતા, અને જેઓ દયાના ગુણથી નીતરતા હતા, તેમણે ગીતામાં જાહેર કર્યું છેઃ 'હું ભકિતના સાધન દ્વારા જણાઉ છું, 'ભક્ત્યા મામ અભિજાનાતિ'.

શા માટે આ જાહેરાત કરી? કારણ, ભકિતના માર્ગમાં કોઇ વિઘ્નો નથી, જુવાન અને વૃધ્ધ, ઊંચા અને નીચા, પુરુષ અને સ્ત્રી બધાને તે માર્ગે જવાનો અધિકાર છેઃ લોકોમાં કોને તાત્કાલિક દવા લેવાની જરૂર છે? જેઓ ખરાબ રીતે માંદા છે તેમને, શું તેમ નથી? તે જ પ્રમાણે. જેઓ અજ્ઞાનના અંધકારમાં ફાંફા મારી રહ્યા છે તેમને સૌથી પહેલો જ્ઞાનનો ઉપદેશ અને તેની પ્રાપ્તિની સાધનાનો અધિકાર છે. જેમને ભૂખ નથી તેમને શા માટે ખવડાવો છો? જે માંદા નથી તેમને શા માટે દવા આપો છો? ખોટું જ્ઞાન છે તેમાંથી મુક્ત કરવા માટેની, તેમજ ગેરસમજના ધુમ્મસના અજ્ઞાનને દૂર કરવાની દવા બ્રહ્મ અથવા જ્ઞાન છે. તે સત્યને ઢાંકી દેતા કચરાને બાળી નાખશે.

દરેક જણ, પછી તેનો ગમે તે મોભો, વર્ગ અને જાતિ હોય, તે જ્ઞાનને મેળવી શકે છે. જો એમ કહે કે સ્ત્રીઓને તેનો અધિકાર નથી, તો પછી શા માટે એમ ઉલ્લેખ કરાયો છે કે શિવે

પાર્વતિને વેદાંત શીખવ્યુ? અથવા, કપિલાચાર્ય જેવા મહાન યોગીએ સાંખ્ય શાસ્ત્ર તેમની માતા દેવહૂતીને શીખવી? અથવા કઇ રીતે મહાન ઋષિ યાજ્ઞવલ્કયે, બૃહદારણ્યક ઉપનિષદમાં ઉલ્લેખ કરાયેલા વેદાંત શાસ્ત્રના સારને તેમના પત્નિ મૈત્રેયીને આપ્યો હતો? ઉપનિષદો ખોટા હોઇજ ન શકે. શાસ્ત્રો જેમાં આ બધા તત્વોનો ઉલ્લેખ કરેલો છે તે માત્ર સત્ય કહે છે.

સંત માતંગ મહાન તપસ્વી હતા તેમાં કોઇ શંકા નથી. તેમણે બ્રહ્મના ગૂઢ રહસ્યનો ઉપદેશ સ્ત્રી શબરીને શીખવ્યો તેવું રામાયણ સ્પષ્ટ જાહેર કરે છે ને? તે કથન જુઠ્ઠું છે? આ યુગની પોતાની જ વાત કરીએ, સુરેશ્વરાચાર્યની વિદ્વાન પત્નિએ બ્રહ્મ તત્વની ચર્ચામાં શંકરાચાર્યનો સામનો કરેલો, તેની કોને ખબર નથી? તેથી, જ્ઞાનના માર્ગને અનુસરવાનો મુખ્ય અધિકાર માત્ર સાધના, તપસ જેમાં વ્યક્તિ પ્રવૃત્ત છે, તે સિવાયની વર્ણ, પંથ કે જાતિની બીનજરૂરી ગણતરીઓની કોઇ ગણના નથી, બીજી બધી વસ્તુઓને બાજુ ઉપર મૂકી દઈ, વ્યક્તિએ તે સાધના અને તે તપસ ઉપર એકાગ્ર થવાનું છે.

ઇશ્વર બધાને માટે સુગમ્ય અને ઉપલભ્ય છે. તે સંપૂર્ણ દયાળુ છે. જ્ઞાનને મેળવવાનો અધિકાર નથી, તેમ કહેવાની સત્તા માત્ર ઇશ્વર સિવાય બીજા કોઇને નથી.

જો તમે થોડો ઊંડાણથી વિચાર કરશો, તો તમે અનુભવી શકશો કે ઇશ્વર કોઇને પણ તેમને પહોંચવાની તકનો ઇનકાર નહીં કરે. તેજ અગ્નિના તણખલાઓને, અથવા તેજ દરિયાના બિન્દુઓને, કઇ રીતે જ્યોત અથવા દરિયો તેમના આશ્રયનો ઇનકાર કરી શકે? ઇશ્વર અમાન્ય કે અસ્વિકાર પણ નહીં કરે.

ચાર દીકરાનો બાપ તેના એક દીકરાને એમ નહીં કહી શકે કે તેને મિલકતમાં કોઇ ભાગ નથી. તે ન્યાયી કે યોગ્ય નથી. ઇશ્વર જે દયાથી સંપૂર્ણ ભરેલા છે અને જેનામાં પૂર્વગ્રહ કે પક્ષપાતના ઇશારાનો અંશ પણ નથી, તો પછી તેમના વિષે શું કહી શકશો? તેમના ઉપર પક્ષપાતનું આરોપણ કરવું તે પવિત્ર વસ્તુનો અનાદર કરવાના પાપ કરવા સમાન છે.

બ્રહ્મવિધાને માટે કોણ અધિકારી છે અને કોને તે અધિકાર નથી, તે પ્રશ્નની બાબતમા, કૃષ્ણએ ગીતામાં કહ્યું છે, ‘મને કોઇ માનીતું નથી, અથવા મને કોઇ ગમતુ નથી તેવું પણ નથી, કોઇપણ જ્ઞાતિ હોઇ શકે,’ પછી તે વ્યક્તિ સ્ત્રી કે પુરુષ હોય, જે કોઇ મારી શ્રધ્ધા અને ભક્તિથી પૂજા કરશે, તે મને પહોંચશે; કોઇપણ વસ્તુ તેની આડે આવી નહી શકે. હું પણ આવાના હૃદયમાં પ્રગટ થઇશ.’ તેથી શું ગીતા, અર્થવિહિન છે? ના, ગીતા અગાધ સત્ય કહે છે.

આજે બીજી પણ એક ખોટી માન્યતા પ્રચલીત છે. બ્રહ્મ સાક્ષાત્કાર માટેની સાધનાના અધિકારી બનવા માટે, જપ અને ધ્યાનની જેમ, વ્યક્તિએ પરંપરાગત રુઢિ પ્રમાણે નિત્ય અનૃષ્ઠાનનું કડક રીતે પાલન કરવું જોઇએ અને તે રીતે શુધ્ધતા મેળવવી. હું તે સાથે સંમત નથી, કારણ, દવા માત્ર પથારીવશને માટે આવશ્યક છે. નિશ્ચિત સમયની દવા લીધા વિના તેઓ કઇ રીતે તંદુરસ્ત અને ઉત્સાહી બની શકે? એમ કહેવું કે વ્યક્તિ ઇશ્વરના માર્ગ ઉપર ચાલવાનું શરુ કરે તે પહેલાં તે પવિત્ર અને સારી હોવી જોઇએ તથા સારા વર્તનના નિયમોને પાળતી હોવી જોઇએ, એટલે એમ કહીએ કે ઔષધિના ઉપચારને મેળવવા માટે તે રોગમુક્ત હોવી જોઇએ. આ અજુગતુ છે. પવિત્રતા, સદગુણ વિગેરે..ઇશ્વર તરફની મુસાફરીના પરિણામ છે. તેના ઉપર શરુઆત કરવાને માટે તે આવશ્યક છે, એમ તેનો આગ્રહ ન કરી શકાય. ઔષધ અંદર જતા ધીમે ધીમે તંદુરસ્તી અને ઉત્સાહ પ્રેરશે. ઔષધ લખી આપતા પહેલાં કે શરુ કરતા પહેલાં તંદુરસ્તી અને ઉત્સાહ માટેનો આગ્રહ રાખી ન શકાય. આ સ્પષ્ટ સત્યને. ઘણાં લોકો અવગણે છે. ખરેખર આ એક ગંભીર વ્યાધિ છે.

જેઓ બધા અજ્ઞાનના વ્યાધિથી (ભવરોગથી) પીડાઇ રહ્યા છે તેમણે આ રોગના ઉપચારને લગતા પુસ્તકો, જેવા કે, મહાન વડીલોના આધ્યાત્મિક ક્ષેત્રમાં કોશિષના અનુભવોને વર્ણવવા પુસ્તકોને વાંચી તે ઉપર મનન કરવું જોઇએ, માત્ર ત્યાર પછી જ તેઓ સાચી પરિસ્થિતિને સમજી શકશે.

ત્યાં એક બીજી પણ સફળતાની ચાવી છે; તેને પણ ધ્યાનમાં રાખવાની જરુર છે. દરેક ઉપચારના સમયગાળા દરમ્યાનના જે નિયમો અને પ્રતિબંધનો ખોરાક, પ્રવૃત્તિ, ટેવ અને વર્તાવ વિષે સૂચવેલા છે, તેમને અવગણવા નહીં જોઇએ અથવા હળવાશથી ન લેવા જોઇએ. ખરેખર,

દાક્તરની સલાહ જો આ વસ્તુ ઉપર કડક રીતે અનુસરવામાં ન આવે તો, ગમે તેટલી મોંઘી અથવા આધુનિક અથવા ઉત્તમ અસરકારક દવા પણ અસમર્થ બની શકે છે.

જે વ્યકિતઓ રોગની દવાના ઉપચારો, પ્રતિબંધો, મર્યાદાઓ અને બધામાંથી પસાર થઇ સફળતાથી માંદગીના ઓરડામાંથી બહાર સુખી અને આનંદિત થઇ આવે છે; તેઓ બધા વર્ણના અને ઉંમરના અને બન્ને જાતિના છે. વસિષ્ઠ ગણિકાના પુત્ર હતા, નારદની માતા ધોબણ હતી. વાલ્મિકી ભીલ જાતિના હતા, વિશ્વામિત્ર ક્ષત્રિય હતા. મતંગ દલિત વર્ગના સભ્ય હતા. નિષ્કર્ષ એ છે કે, જે ફકત મહત્વનું છે તે એ કે ઇશ્વર ઉપર સતત એક ધ્યાન રહેવું, નહીં કે વર્ણ કે પંથના સિક્કાઓ. કઈ પણ ઊંચુ કે નીચું નથી તે એકતા ભાવની પ્રાપ્તિ, તે જ્ઞાન છે. તે બ્રહ્મ, સાચુ દિવ્ય તત્વ છે.

સાકરની ઢીંગલીને માથું, ગરદન, હાથ અને અવયવો હોય છે, પરંતુ દરેક ભાગ બીજા ભાગ જેટલો જ મધુર હોય છેમાથાથી પગ સુધી ., એકધારી સરખી મીઠાશ હોય છે, ત્યાં બે પ્રકારનીં મીઠાશ હોઇ શકે નહીંતેથી એ .મ કહેવાયું છે કે, દ્વૈત નહીં પણ અદ્વૈત, જેઓ ઇશ્વરના મોંમાથી ઉત્પન્ન થયા અને જેઓ તેમના પગમાંથી ઉત્પન્ન થયા તે બન્ને તેમના પુત્રો છે, આ સત્યનો સાક્ષાત્કાર કરવો તે જ્ઞાનની નિશાની છે.

ઘણાં વૃક્ષો છે જેમાં ફણસનું વૃક્ષ છે જેને મૂળથી માંડી સૌથી ઉપરની ડાળી ઉપર પણ ફળ બેસે છે. સૌથી નીચે જમીનની પાસેના ફળના અને સૌથી ઊંચી ડાળી ઉપરના ફળમાં તફાવત હોય છે? તેઓ બધાજ સરખા છે ખરું ને? કે તેમના સ્વાદ જુદા ફળો જેવો જુદો હોય છે? જરૂર, ફળોમાં કેટલાંક કુમળા હોય, કેટલાંક કાચા હોય, કેટલાંક થોડા પાકેલાં અને થોડા પૂરા પક્વ હોય છે, આ બધાના સ્વાદમાં તફાવત છે પણ તે સ્વાભાવિક હોય છે, પરંતુ કદાપિ તમે નીચે તળિયાના ભાગના ફળમાં કડવાશ, અને સૌથી ઉપરના ભાગમાં મીઠાશ અથવા વચ્ચેના ભાગમાં ખટાશ શોધી નહીં શકો. કુમળી, કાચી અને પાકી આ ત્રણ અવસ્થા છે, અથવા ત્રણ લક્ષણો છે.

તે જ પ્રમાણે, ચાર જાતિઓ, ચાર લક્ષણો, ગુણો છે, તેમની પ્રકૃતિ અને તેમની પ્રવૃતિ પ્રમાણે, ચાર જ્ઞાતિ ઠરાવાઇ છે. એક જ વૃક્ષ ઉપરના ફળોની જેમ કેટલાંક કુમળા, કેટલાંક લીલા,

કેટલાંક પાકા, મનુષ્ય પણ ચાર વિભાગના ગણાયા છે, તેમના વિકાસની અવસ્થા પ્રમાણે, જેનું માપ તેમની પ્રવૃત્તિ અને ચારિત્ર્ય ઉપરથી નક્કી કરાય છે. જેઓના વિચાર અને આચારમાં સાત્વિક ગુણ પ્રબળ હોય તેમનો બ્રાહ્મણ તરીકેનો વિભાગ પડાયો, જેઓ બ્રહ્મ તરફના માર્ગ ઉપર પ્રગતિ કરી રહ્યા છે. જેઓમાં રજોગુણ પ્રબળ હોય છે તેમને ક્ષત્રિય તરીકે સંબોધન કરાયા. આ રીતે શાસ્ત્રોએ બીજી કોઇ રીતે નહી પણ ઊંડી જડ કરી ગયેલા ગુણોના આધારે જ્ઞાતિ મુકરર કરેલી છે. શા માટે? ગીતા પોતે પણ જાહેર કરે છે કે ઇશ્વરે ચાર જ્ઞાતિને સ્થાપત્તા (૧) ત્રણ ગુણોમાંથી કોનું વર્ચસ્વ અને (૨) જપ, ધ્યાન અને તેવી સાધનાની ફરજો જેવા કર્મોનું આચરણ ધ્યાનમાં લીધું છે.

બ્રહ્મ તરફની સાધના અને ભારે જહેમત દ્વારા વ્યક્તિ ભલે શુદ્ર તરીકે જન્મે પણ બ્રાહ્મણત્વને પ્રાપ્ત કરી શકે છે. જ્યારે બ્રાહ્મણ તરીકે જન્મેલો હોવા છતાં, જો તેનામાં આદર્શ અને પ્રયત્ન તેને પ્રાપ્ત કરવાના ન જોવા મળે, તો તે વ્યક્તિ શુદ્ર બને છે.

અનુષ્ઠાન અને નિષ્ઠા, વર્તાવ અને શિસ્ત ,- આ બે માપદંડો, નિર્ણય કરનારા સાધનો છે. આંતરિક આત્મ તત્વ બધામાં એક જ છે. તેને જ્ઞાતિ, વર્ગ કે ઘર્ષણોની ખબર નથી. આ ઊતરતા દરજ્જાના પદાર્થો કરતાં આત્મા પારનો છે તેનો અનુભવ કરવા, ભક્તિની પ્રથમ આવશ્યકતા છે. ભકિત જ્ઞાનમાં વિલીન થાય અને તેની સાથે એકરૂપ થાય છે. ભક્તિ જ્ઞાનમાં પક્વ થાય છે; તેથી તેઓ બન્ને જુદા છે તેમ બોલો નહી. એક સ્તર ઉપર તેને ભક્તિ કહે છે, પછીના સ્તર પર આપણે તેનો જ્ઞાન તરીકે સંબોધન કરીએ છીએ. એકવાર તે શેરડી છે, પછી તે સાકર છે.

ભકિત દ્વારા, જીવનું શિવમાં પરિવર્તન થાય છે અથવા બલ્કે, તે જાણે છે કે તે શિવ છે અને જીવ વિચાર અદ્રશ્ય થાય છે. પોતાની જાતને જીવ તરીકે સ્થાપવી, તે અજ્ઞાન છે. પોતાની જાત શિવ છે તેમ જાણવું તે જ્ઞાન છે.

સફેદ કપડું ગંદુ થતા તેને પાણીમાં ઝબોળી, સાબુના પાણીમાં પલાળી, ગરમ કરી પથ્થર પર ઝીંકે છે, જેથી તે તેનો મૂળ રંગ અને સ્થિતિ પાછા મેળવી શકે. તે જ પ્રમાણે, શુધ્ધ સત્-ચિત્-આનંદ આત્મા ઉપર અજ્ઞાનરુપી મેલ પોતે ચોંટી ગયો છે તેને દૂર કરવા નિષ્કલંક આચરણ

અને રિતભાત રૂપી પાણી, બ્રહ્મપ્રતિબિંબ રુપ સાબુ, જપ અને ધ્યાનની ગરમી અને ત્યાગરૂપી પથ્થર આ બધાની જરૂરિયાત છે. ત્યાર પછી જ મૂળભૂત આત્માનું બ્રહ્મત્વ પ્રકાશે છે. સાબુ સારો હોવા છતાં, જો પાણી મેલું હોય તો કોઇ ફાયદો નથી. તે સાબુ અને તેને ગરમ કરવાની અને ઝીંક મારવાની બધી મહેનત નકામી જશે, કારણ કપડુ પહેલાના જેવું મેલું જ રહેશે. આ સમજાવે છે કે ઘણાં સાધકો શા માટે નિષ્ફળ જાય છે. ઘણાં વર્ષો સુધી તેમણે બ્રહ્મ ઉપર ધ્યાન કર્યું હોય છતાં અને તેને માટેનો લાંબો અભ્યાસ ક્યોં હોવા છતાં તેમની વર્તણૂકની ઢબ અને આચરણ બધા ખોટા હોય છે, દોષ પાણીમાં છે, સાબુમાં નહી. તેમની રોજીંદી આદતો, કાર્યો અને પ્રવૃત્તિઓ હલકી અને નીચી હોય છે; તેથી બ્રહ્મ ઉપરનું ધ્યાન નકામું જાય છે.

લોકો તેમના અજ્ઞાનમાં આધ્યાત્મિક સાધનાની કડકાઇને સ્વીકારતા ખચકાઈ છે, તેને, તેમના મુક્ત જીવવામાં ઘણી બધી બેડીઓ તરીકે માની લે છે. તેઓ દીવ્ય ફરમાનોની નિંદા કરી, દૈવી કૃપાનો અસ્વીકાર કરે છે. તે ફરમાનને સમજતા નથી અને તેની કદર કરતા નથી. તેમજ તેમનુ પાલન ન કરી તેનો વિરોધ પણ કરે છે. પરંતુ વિવેકી માણસ જે ઘઉં રોપે છે, તેને ઘઉંના સારા પાકનુ ફળ મળે છે. મૂર્ખાઓ આંસુ રોપે છે તેથી ઘઉં ઉગતા નથી, અને તેઓ રડે છે. જગતમાં દરેક માણસ માટે, પછી ભલે આપણે તેને માન્યે કે નહીં, બે વત્તા બે ચાર બનાવે છે, પરિણામ તમારા ગમા કે અણગમા ઉપર આધાર નથી રાખતા. એ હકીકત છે કે સર્વોપરી પરમાત્મા દરેક જીવંત પ્રાણીમાં વસેલો છે એ એના જેવું જ અનિવાર્ય સત્ય છે. જો તમે ના પાડશો તો ઇશ્વર છોડશે નહી, જો તમે આમંત્રણ આપશો તો તે પ્રવેશશે નહીં. તે ત્યાં છે, તે દરેક પ્રાણીનું અસ્તિત્વ માત્ર છે. આ સત્ય છે અને તમારે તે જાણવું હોય અને અનુભવવું હોય, તો જ્ઞાનીની દ્રષ્ટિ વિકસાવો. તેના વિના તમે કદી તેને જોઈ શકશો નહી. જેવી રીતે માત્ર તે ટેલીસ્કોપ જ દૂરની વસ્તુઓને જોવાને તમને શક્તિશાળી કરે છે, તે જ રીતે ‘જ્ઞાનસ્કોપ’ અથવા જ્ઞાનદ્રષ્ટિ દરેક પ્રાણીમાં વસેલા બ્રહ્મને જોવાને આવશ્યક છે. જે રીતે બાળક તેની દ્રષ્ટિના ઘેરાવાની બહારની વસ્તુઓને માનવાને તે તૈયાર નથી, તે જ રીતે નબળો તે દ્રષ્ટિ(વલણ)ને મેળવવાના કષ્ટથી ડરીને સર્વવ્યાપી, સર્વસમાવિષ્ટ બ્રહ્મમાં માનવાને તૈયાર નથી.

કુતૂહલ વિચારો ધરાવનારા લોકોનું જૂથ હમણાંના સમયમાં વધારે ઉત્પન્ન થાય છે, અને તેઓ દમામ ભેર મોટા અભિમાન સાથે ફરે છે, કારણ તેમને ઇશ્વર માટેની કોઇ આકાંક્ષા નથી,

ઇશ્વરનો તેમને કોઇ ઉપયોગ નથી; પરંતુ તેઓ સેવકો છે (નોકરો, સહાયક) અને તેમને સેવા માત્રથી સંતોષ છે પરંતુ સેવાનો મર્મ નિ:સ્વાર્થીપણું અને પછી તેના ફળનો ત્યાગ છે, સેવકોએ ભક્તો અને આધ્યાત્મિક સાધકો તરફ નીચી નજરે જોવાનો અધિકાર નથી, કારણ તેમને ફળની ઇચ્છા છે પણ ઝાડને અવગણવું છે. નિ:સ્વાર્થ સેવા તો ઇશ્વર તરફની સાધનાનું અંતિમ ફળ છે. તે નિષ્કામ કર્મની ભાવના (કર્મના ફળનો ત્યાગ) છે, ઝાડની લાંબી મહેનતના પોષણ વિના, કઈ રીતે ફળ મેળવી શકાય? નિષ્કામ કર્મનો પાયો પોતે જ બધા જીવંત પ્રાણીઓ તરફનો પ્રેમ છે, પ્રેમ કોઇ ફળની આશા નથી રાખતો, આ ઉચ્ચ પ્રકારના આધ્યાત્મિક પ્રેમના અનુભવ વિના, નિ:ષ્કામ સેવા અશક્ય છે.

હમણાંના સમયમાં જગત એવા લોકોથી ભરેલું છે કે તેઓ પોતાના સારા લાભ માટે બૂમાબૂમ કરે છે પરંતુ તેઓ જે વસ્તુ મેળવે છે તેની સારી કિમત આકવાને માટે તૈયાર નથી. તેમને ઇશ્વર જોઇએ છે, પરંતુ તેઓ બીજા પાકને ઉગાડવામાં વ્યસ્ત હોય છે. દિવસ અને રાત તેઓ તેને  મેળવવાને માટે કોશિષ કરી પ્રયત્ન કરતા નથી. જ્યારે બીજી બાજુએ, તેમણે તેમના હૃદયમાં લક્ષ્મી દેવીને બેસાડયા છે અને તેમનો બધો સમય અને શક્તિ તેમની પૂજા કરવામાં તથા તેમના આશીર્વાદ મેળવવાને માટે વાપરે છે. ઈશ્વર તરફનું શુધ્ધ પ્રેમપૂર્ણ હૃદય અને દરેક જીવંત પ્રાણી તરફ પ્રેમ, આવાઓથી નિઃષ્કામ સેવા શક્ય છે. બીજાઓ માત્ર તેને માટે બક્બકાટ કરે છે અને તેમને ફરજ પડી છે તેવાં ઢોંગ કરે છે. બધા ઇશ્વરના બાળકો છે અને દરેક પ્રાણી માત્રની આંતરિક શક્તિ તે પોતે જ છે, તે વિશ્વાસમાં જેઓ સારી રીતે સ્થાપિત થયા છે, તેઓ તેમની જાતનો તે કક્ષાના સમાજ સેવકોમાં સમાવેશ કરી શકે છે.

જેઓ એમ કહે છે કે તેમને ઇશ્વરનો કે ભકિતનો ઉપયોગ નથી, અહંકાર તેમના વ્યક્તિત્વનો મર્મ છે, પ્રદર્શન બાહ્ય દેખાવ છે. ગમે તેટલું વાંચે અને લખે, પણ તે અહંકાર ક્ષીણ થતો નથી. અહંકારનું ભાન સ્વ-સત્તા તરફ દોરી જાય છે; અને જ્યારે સ્વ હ્રદય ઉપર સત્તા ચલાવે છે, ત્યારે સેવાનું નામ આપી શકાય તેવું એકપણ કામ તેમનાથી થતું નથી. તે માત્ર તેનો સ્વાર્થી લોભ તેના કાર્યને સેવાના નામની કાપલી ચોડે છે.

જ્યાં સુધી આ વિવેક જાગશે નહીં, ત્યાં સુધી અજ્ઞાનનો નાશ થશે નહીં. 'આ જગત એ માત્ર ઈશ્વર છે અને બીજું કશું નથી. દરેક વસ્તુ, દરેક પ્રાણી પણ માત્ર તેમનું પ્રગટીકરણ, તે ઉપરાંત નવું નામ અને નવું રુપ ધારણ કરે છે.' આ સત્યને સ્વીકારો, તેને માનો, અને ત્યાર પછી તમને સેવા, ભક્તિ અને ધર્મ વિષે બોલવાનો હક્ક તથા તે માર્ગોનો ઉપદેશ આપવાનો અધિકાર છે, સત્ય તત્વનું જ્ઞાન ભક્તિ, સેવા અને ધર્મ બધા એક અને અવિભાજય છે તે બતાવશે. તે જ્ઞાન વિના, નિઃસ્વાર્થ સેવા વિગેરે માત્ર દંભનાં કાર્યો છે.

દેહાત્મભાવથી કરેલું દરેક કાર્ય આપબડાઇવાળું જ બને છે. જ્યારે દેહાત્મભાવમાં તલ્લીન હોય, ત્યારે નિઃસ્વાર્થ સેવા બની નહીં શકે. દેહને બદલે દેવમાં, શરીરને બદલે ઇશ્વરમાં આ જાગ્રતતા હોય ત્યારે તે પ્રેમનું તેજ બહાર લાવશે. તેને પ્રેરણા અને માર્ગદર્શક તરીકે લઇને, તેની દ્રષ્ટિ નિઃસ્વાર્થી છે તેવું જાણ્યા વિના અને તેવો દાવો કર્યા વિના પણ માણસ ઘણું બધું પ્રાપ્ત કરી શકે છેઃ તેને માટે તે બધી ઇશ્વરની ઇચ્છા, તેની લીલા અને તેનું કાર્ય છે.

પ્રકાશ જ્ઞાન છે; પ્રકાશ વિના બધું અંધકાર છે. જો તમે જ્ઞાનનો દિવો તમારા માર્ગને પ્રકાશિત કરવા પ્રાપ્ત નહીં કર્યો હોય, તો તમે. અંધકારમાં આખે રસ્તે, ડરના સાથીદારને લઇને ગોથા ખાયા કરશો, ડર કરતાં વધારે મહાન જૂઠાણું કોઈ નથી, તેના કરતાં શક્તિશાળી કોઇ અજ્ઞાન નથી. તેથી નિશ્ચય કરો કે જ્ઞાનના દિવસના પ્રકાશમાં મુસાફરી કરો અને આ માનવ જન્મને લાયક બનો. તમારી સફળતામાંથી, તમે બીજાની જીંદગીને યથાયોગ્ય કરી શકો છો.

વૈરાગ્ય અથવા અનાસક્તિ પણ જ્ઞાન તેમજ ભક્તિ ઉપર આધાર રાખે છે. તે આધારમાંથી વૈરાગ્યને કાઢી નાંખો તો તમને તેનો જલ્દીથી વિનાશ થતો મળશે. શા માટે, અત્યારના સમયમાં આધ્યાત્મિક પ્રગતિના અભાવ માટેનું આ મુખ્ય કારણ છે, સાધનામાં આ ત્રણે ઉપર ભાર મૂકવાની જરૂર છે. તેમને છૂટા પાડવાના નથી, અને એક એક કરી તેમને મેળવવા પ્રયત્ન કરવાનો નથી.

ભક્તિમાં જ્ઞાનનો સમાવેશ થાય છે; જો વૈરાગ્યને ભક્તિ અને જ્ઞાનથી અલગ કરાય, જ્ઞાનને ભક્તિ અને વૈરાગ્યથી અલગ પડાય અને ભકિતને જ્ઞાન અને વૈરાગ્યથી અલગ કરાય તો દરેક અસમર્થ બને છે. સૌથી ઉત્તમ એ છે કે દરેક અલગ માર્ગ શુધ્ધતામાં કંઇક તાલીમ આપવાને

માટે શક્તિમાન છે. તમે ભક્તો અથવા જ્ઞાનીઓ અને વૈરાગીઓ છો તેનો અહંકાર ન કરો અને તેવું જાહેર પણ ન કરો. સાધકે તો ભકિત-જ્ઞાન-વૈરાગ્યના ત્રિવેણીમાં ડૂબી જવાની જરુર છે. મુક્તિ માટે બીજો કોઇ માર્ગ નથી.

દરેક વસ્તુ પહેલાં, પવિત્ર અને શુધ્ધ બનો .મુમુક્ષુ અને સાધકોમાં ઘણાં છે; પરંતુ, તેઓમાં જેઓ હૃદયના .શુધ્ધ છે તેવા ઘણાં ઓછા છે. દાખલા તરીકે, આ એક સત્યનું નિરીક્ષણ કરો, એવા ઘણાં છે જેઓ ધાર્મિકતાથી ગીતાનું વાંચન ફરી ફરી કરે છે. બીજા એવા ઘણાં છે જેઓ તોના અર્થ ઉપર વિસ્તારપૂર્વક લંબાણથી કલાકોના કલાકો ચર્ચા કરે છે, પરંતુ ગીતાના રહસ્યને આચરણમાં મૂક્નાર વિરલા જ છેતેઓ હવે ગ્રામોફો .નની રેકોર્ડ જેવા લોકો છે, બીજાના ગાયેલા ગીતને માત્ર રજૂ કરે છે, પોતે જાતે જ ગાવાને અશક્તિમાન છે, ગીતના આનંદથી અજ્ઞાત છે . .તેઓબિલકુલ સાધક નથી. તેમની સાધનાને તે નામ લાગુ પડતું નથી.

ક્ઠપુતળીની ઢીંગલીઓને દોરીઓ ખેંચીને જેમ નચાવે છે, તેની જેમ આપણી જીંદગીને ત્રણ ગુણોના પ્રગટીકરણ તરીકે અને પ્રકૃતિની રમત તરીકે જુઓ, દરેક વિચાર, શબ્દ અને કાર્ય આ જાગ્રતતાથી તરબોળ રાખો. તમારે તે જ્ઞાનની જરુર છે, બીજું બધું અજ્ઞાન છે.

જ્ઞાનીમાં ધિક્કારનો કોઇ અંશ નહીં હોય, તે દરેક પ્રાણીને પ્રેમ કરશે. તેને અહંકારનો ચેપ લાગશે નહીં. તે જેવું બોલશે તેવું જ વર્તન કરશે. સ્થૂળ શરીર, ઇન્દ્રિયો અને મન જે વસ્તુઓ માત્ર હથિયાર અને સાધનો છે, તેની સાથે અજ્ઞાની પોતાની જાતને એકરૂપ કરે છે. શાશ્વત શુધ્ધ આત્મા મનની પાછળ છે, અને તેથી, અજ્ઞાનીની આ ભૂલ તેને મુશ્કેલી, હાનિ અને પીડામાં ડુબાડી દે છે.

બધા નામો અને રુપો જે આ જગતને ભરી દે છે અને તેનો સ્વભાવ રચે છે તે બધી મનની પેદાશ છે. સત્યનો બોધ થવાને માટે, તેથી મનને નિયંત્રિત કરવાની અને તેના હઠીલા તરંગોને શાંત કરવાની જરુર છે. તળાવના કાયમ ચલીત મોજાઓને શાંત કરવાની જરુર છે, જેથી તમે તેના તળિયાને સ્પષ્ટ રીતે જોઇ શકો છો. તે જ રીતે, અજ્ઞાનના મોજા જે મનને હલાવી નાંખે છે તેમને સ્થિર કરવાની જરુર છે.

હલકી ઇચ્છાઓ જે ક્ષણિક સુખની પાછળ દોડે છે તેનાથી મનને દૂર રાખો. તમારા વિચારોને આ બધામાંથી ફેરવી નાંખી, અંતભૂર્ત દિવ્યતાના જ્ઞાનમાંથી ખેંચી શકાય તેવા શાશ્વત આનંદ તરફ વાળો. દુન્યવી સુખ અને ઇન્દ્રિયગમ્ય આનંદની નિષ્ફળતાઓને અને દોષોને મનની આંખ સામે રાખો. આ રીતે, વિવેક, વિરક્તિ અને આધ્યાત્મિક વિકાસમાં તમારી પ્રગતિમાં મદદ થઇ શકે છે. જેમ સોનાને મૂસમાં ઓગાળીને તેના ક્ચરાથી તેને મુક્ત કરાય છે અને તેના મૂળ તેજથી પ્રકાશે છે, તેમ માણસને પણ વૈરાગ્યના અગ્નિથી યોગની મૂસમાં પીગાળવો પડે છે. આ જ્ઞાનને પ્રાપ્ત કરવું તે સમાધિની નિશાની છે એમ કેટલાંકે સમજાવ્યું છે.

જેઓ ઉપર દર્શાવેલી લાઇન ઉપર પોતાની જાતને નિયંત્રિત કરવાને શકિતમાન છે, તો જન્મજાત શકિત ધીમે ધીમે પોતાની જાતને સ્થાયી કરશે અને સાચી વસ્તુ જે હમણાં ખોટી સમજાઇ છે તેના ઉપરનો ધુમ્મસ દૂર થશે. તમારા આત્મતત્વ ઉપર ધીરજથી ધ્યાન કરવાની આદત કેળવો અને વ્યષ્ટિને સમષ્ટિ તરીકે જુઓ. સમાધિ દ્વારા પ્રગતિ નિશ્ચિત છે અને મુક્તિ મળે છે.

અહંકારના ઝરણાઓ વિગેરે મૂળભૂત સત્યના અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે. જ્યારે આત્મનું જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે અજ્ઞાન, ચિંતા અને દુ:ખ જ તેની ટોળીના સભ્યો છે તે પણ અદ્રશ્ય થઇ જશે. અહંકારની ગેરહાજરી, ઇચ્છાઓનો નાશ, કોઇપણ ભેદભાવ વિના દરેક તરફ સમાન પ્રેમની ભાવના તે જ્ઞાનીની નિશાની છે. આ બધા આત્મ જ્ઞાનના મૂળભૂત તત્વો છે.

તમે આંખ વિના જોઇ શકો છો, કાન વિના સાંભળી શકો, જીભ વિના બોલી શકો, નાક વિના સુંઘી શકો, શરીર વિના સ્પર્શ કરી શકો, પગ વિના ચાલી શકો, હા, મન વિના અનુભવ કરી શકશો. કારણ, તમે શુધ્ધ હાર્દ પોતે છો. તમે પરમાત્મા છો.

તમને આ સત્યની સમજણ નથી; તેથી, તમે અજ્ઞાનમાં ડૂબી ગયા છો. તમને એવું લાગે છે કે તમે માત્ર ઇન્દ્રિયો છો અને તેથી, તમે દુ:ખ અનુભવો છો. પાંચે ઇન્દ્રિયો બધી જ મન સાથે બંધાયેલી છે. મન અલગ રીતે ઇન્દ્રિયોને પ્રવૃત્ત કરે છે અને તેની પ્રતિક્રિયાથી અસર પામે છે. મનુષ્ય મન સાથે જોડાયેલી આંખો દ્વારા જુએ છે અને તેથી, તે નિષ્ફળ જાય છે. પરંતુ જ્ઞાનીને

દિવ્યચક્ષુ હોય છે, દિવ્ય આંખ, કારણ તેને સાક્ષાત્કાર થાય છે. તે ઇન્દ્રિયોની મદદ વિના સાંભળી અને જોઇ શકે છે.

ગીતામાં કહ્યું છે તે પ્રમાણે, ઈશ્વરના પગ દરેક સ્થળે છે, ઇશ્વરના હાથ દરેક સ્થળે છે તેમની આંખો અને કાનો દરેક સ્થળે છે. તેથી, તે બધું જુએ છે, તે બધું કરે છે. ઇન્દ્રિયો રહિત હોવા છતાં, તે બધી ઇન્દ્રિયો પાસે કામ કરાવે છે. આ રહસ્યને સમજવા માટે, જ્ઞાન માર્ગે ચાલવું જ પડે છે; તે માર્ગ ઘણો ઉપયોગી છે. જ્યારે માણસનો પૂર્ણ જ્ઞાનીમાં વિકાસ થાય, ત્યારે તે પોતે તે(ઇશ્વર) જ બને છે, તે તેમાં એકરૂપ થઇ જાય છે અને બન્ને અભેદ બની જાય છે. પછી તેને અનુભવ થાય છે કે તે ગહન, અનિર્વચનીય બ્રહ્મ છે, અને તે ભ્રમથી આરોપિત નામ અને રૂપથી મર્યાદિત નથી.

જ્યારે અગ્નિ બળે છે, ત્યારે તેનો પ્રકાશ દૂરથી ઓળખાય છે; પરંતુ જેઓ દૂર છે તેઓ તેની ગરમીને અનુભવવાની આશા ન રાખી શકે. તે જ પ્રમાણે, જેઓ જ્ઞાન મેળવવાથી દૂર છે, તેમને માટે જ્ઞાનની ભવ્યતાને વર્ણવાનું સરળ છે. માત્ર જેઓ તેની ખરેખર નજદિક પહોંચ્યા છે અને જેઓ તેને સમજ્યા છે અને તેમાં ડૂબેલા છે તેઓ ગરમાટાનો અને ભ્રમના નાશનો આનંદ અનુભવ કરી શકે છે.

આને માટે, સતત તપસ, ઇશ્વર ઉપર સતત ધ્યાન કરવાની જરૂર છે. ભક્તિની સાધનાથી શુધ્ધ બ્રહ્મ ભાવ જાણી શકાશે. ભકિતનો ધ્યેય જ માત્ર જ્ઞાન છે, લેખક જ્યારે નાટક લખે છે, ત્યારે કાગળ ઉપર પેનથી લખવાની પહેલાં, તે આખા નાટકનું ચિત્ર તેના મનમાં હશે. આખા નાટકનું અંક પછી અંક, દ્રશ્ય પછી દ્રશ્યનું ચિત્ર તેના મનમાં ન હોય તો તે કદાપિ તેને લખવાનો વિચાર ન કરી શકે, શું તેમ છે કે નહીં? પરંતુ જોવાવાળાનો દાખલો લો. તેઓ જ્યારે નાટક પૂર્ણ થાય છે ત્યારે જ વાર્તાને સમજી શકે છે. નાટક દ્રશ્ય પછી દ્રશ્ય દ્વારા પોતાની જાતને પ્રગટ કરે છે. એકવાર તેઓ તેમના વિષયને સમજી જાય તો પછી તેઓ પણ વિશ્વાસ સાથે નાટકના વિષયનું બીજાઓને વર્ણન કરી શકશે. તે જ પ્રમાણે, ઇશ્વરને, કાળનો આ નાટક તેના ત્રણ અંકો, ભૂત, વર્તમાન અને ભવિષ્ય સાથે પારદર્શક કાચના જેટલો જ સ્પષ્ટ છે. આંખના ઝબકારા માત્રમાં તે ત્રણેને સમજી જાય છે કારણ તે સર્વજ્ઞ છે; આ તેમની જ યોજના છે, તે જ ચાલે છે, તેમનો નાટક

આ સર્જનના મંચ ઉપર ભજવાઇ રહ્યો છે. બન્ને નટો અને જોવાવાળા ગોટાળામાં ગુંચવાયેલા છે, તેના અર્થ અને વિકાસ અનુમાન કરવાને અશક્તિમાન છે. કારણ, કઇ રીતે એક અંક અથવા એક દ્રશ્ય તેના અર્થને સ્પષ્ટ કરી શકે? આખુ નાટક પુરૂ થવું જોઇએ જેથી વાર્તા સમજી શકાય છે.

લોકો ક્યા નાટકમાં તેમનું પાત્ર ભજવી રહ્યા છે તેની સ્પષ્ટ સમજણ વિના, તેઓ જીવી કે સાધકો છે તેવી ભૂલને વળગી રહી તેમની જીંદગી બરબાદ કરી રહ્યા છે, અને આનંદ અને દુ:ખના મોજા વચ્ચે આમથી તેમ ફેકાય છે.

જ્યારે રહસ્ય સ્પષ્ટ થાય છે, અને નાટક એ માત્ર નાટક જ છે તેમ જાણી જવાય છે, ત્યારે ખાત્રી જાગે છે કે તમે તે છો અને તે તમે છો. તેથી. જીંદગીની પાછળના સત્યને સમજવાનો પ્રયત્ન કરો, મૂળભૂત તત્વની શોધ કરો, હિંમતથી આધાર સત્યની પાછળ પડો. જ્ઞાનના સાધકે હંમેશા આને માટે સતત જાગ્રત રહેવાનું છે.

ઈશ્વર દરેકના હ્દયમાં સૂક્ષ્મ અને સ્થૂળ રુપમાં છે, તેથી જ્ઞાની, જેને અંદર મંચના અધિપતિ આત્મનું દર્શન થયું છે, તેને કદાપિ દુ:ખની અસર થતી નથી. તેના ઉપર તે (દુ:ખ)કદી અમલ કરશે નહીં, આત્મા કીડીમાં તેમજ હાથીમાં, અણુમાં તેમજ વાયુ મંડળમાં છે, દરેક વસ્તુ બ્રહ્મથી તરબોળ છે. સાધકે તેનું ધ્યાન બાહ્ય જગતમાંથી અંદરની તરફ વાળવું જોઇએ. મનના ઉશ્કેરાટોના મૂળને તેણે શોધી કાઢવા જોઇએ. આ પ્રક્રિયા મનની પ્રવૃત્તિઓ જે તમને શંકા, વિવાદ અને. નિર્ણય કરાવે છે તેમને ઓછી કરી નાશ કરશે. તે અવસ્થાથી આગળ, તે પોતે બ્રહ્મ છે તેનો આનંદ સતત ચાલુ રહેશે, તે અનુભવમાંથી ઉત્પન્ન સત્-ચિત્-આનંદ સ્થિર રહેશે.

આવા જ્ઞાનીને આનંદ કે દુ:ખ, પછી તે ગમે તેટલું મોટું હોય તેને અસર કરશે નહી; તે આત્માનંદના દરિયામાં તલ્લિન રહેવાથી, તેને આનંદથી તેની આસપાસના જગતનું ભાન નથી, તે ઘણો ઉપર અને જગતની ઝંઝટથી પર છે.

આ શિસ્ત બ્રહ્મ અભ્યાસ કહેવાય છે. એટલે, વિશ્વના આધાર બ્રહ્મના સ્મરણનો સતત અભ્યાસ, તે સગુણ બ્રહ્મની પ્રાર્થના, તેના મહિમાના ગુણ ગાવા, તેના સંગમાં રહેવું અને હંમેશા

તેની હાજરીમાં જીવવું આ છે. તે કારણથી પંચદશી કહે છે, 'તત્ ચિંતનમ્, તત્ કથનમ્, અન્યોન્યમ્ તત્ પ્રબોધનમ્, એતત્ એક પરમ્, ત્વમ્ ચ, જ્ઞાનાભ્યાસમ્ વિદ્બુર્ધા' 'તેનું એકલાનું ચિંતન, વાણી તેના એકલાને માટે, સંવાદ તેના એકલાના વિષયમાં, આ એક કેન્દ્ર ઉપર રહેવું એમ પંડિતો જ્ઞાનની શિસ્ત કહે છે.' આ ઉપદેશ કૃષ્ણએ ગીતામાં શીખવ્યો છે, 'મત્ ચિત્ મદગત પ્રાણા: બોધયન્ત પરસ્પરમ્, કથયન્તશ્ચ મામ્ નિત્યમ્ તુષયન્તિ ચ રમન્તિ ચ'. 'તેઓ મન મારા ઉપર સ્થિર કરે, તેઓ મને પ્રાણમાં લઇ જીવતા રહે છે, તેઓ એકબીજાને મારે વિષે બોધ આપે છે, તેઓ. માત્ર મારે વિષે વાત કરે છે, માત્ર આનાથી જ તેઓને સંતોષ અને તૃપ્તિ થાય છે.' ઇશ્વરનું આ નિરંતર ચિંતનને બ્રહ્મચિંતન અથવા જ્ઞાનાભ્યાસ અથવા આત્માભ્યાસ પણ કહે છે.

મન બાહ્ય વિષયોની પાછળ દોડે છે, ક્યાં તો ઇન્દ્રિયોના ખેંચાણના કારણે અથવા બાહ્ય જગત ઉપર નિત્યતા વિગેરેના.. આરોપણને લીધે જે ભ્રમ છે તેને કારણે. તેથી, તેને સાચા ધ્યેયના માર્ગ ઉપર લઇ જવાને માટે ફરી ફરી પાછુ લાવવું પડે છે

શરુઆતમાં તે કામ મુશ્કેલ છે, તે છતાં, યોગ્ય અભ્યાસથી, ઑમ(ॐ) જપ દ્વારા તે ઉશ્કેરાટોને શાંત કરી શકાય છે. અભ્યાસમાં શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રધ્ધા અને સમાધાન છે. એટલે, મન સારી સલાહથી નિયંત્રિત છે, ઊંચા આકર્ષણો, બાહ્ય વિષયોમાંથી પાછા ફરવું, નસીબની ચડતીપડતીને સહન કરવાની શક્તિ, સ્થિરતા અને સમતુલા. એમ કહેવાય છે. બળવાખોર મનને બ્રહ્મધ્યાન તરફ ધીરે ધીરે વાળી શકાય છે, જો પહેલાં તેને ભજનની મધુરતા ચખાડાઇ, પ્રાર્થનાની અસર અને ધ્યાનની શાંતિની અસર ચખાડાઇ તો. સદાચાર, સત્સંગ, સત કર્મો કેળવવાથી તેને તે માર્ગે દોરી શકાય છે. ધ્યાનમાં જેમ આગળને આગળ વધવાથી, મોટીને મોટી ઉત્સુક્તા પેદા કરશે. આ રીતે, મનને હ્રદયની ગુફામાં પૂરી રાખવું જોઇએ. આ બધા અભ્યાસનું અંતિમ પરિણામ નિર્વિકલ્પ સમાધિ, તે અસ્ખલિત સમતુલન, તેનાથી કંઇ ઓછું નથી.

આ સમાધિ ખરેખર કહીએ, તો બ્રહ્મ જ્ઞાન પોતે જ છે, જે જ્ઞાન તેને મુક્ત કરાવે છે કે મોક્ષ અપાવે છે. આની શિસ્ત માટેના ત્રણ અભ્યાસો છે:

ઇચ્છાઓનો ત્યાગ: મનનો નાશ અને સત્યને સમજવાનું. આ ત્રણેને એકસરખી રીતે સાથે અને સરખા ઉત્સાહથી વિકસાવવા જોઇએ, નહીંતર સફળતાની ખાત્રી નથી, તેમાંનો કોઇપણ એક પૂરતો નથી. વૃત્તિઓ અને આવેગો અથવા વાસનાઓ એટલી બધી મજબૂત છે કે તે સરળતાથી શરણે થતી નથી. તેઓ ઇન્દ્રિયોને પ્રવૃત્ત કરી અને લોભી કરી માણસને વધુ મજબૂત અને મજબૂત બાંધે છે. તેથી ધ્યાન રાખવાની જરુર છે ઇન્દ્રિયોને અને તેમની પાછળ રહેલી ઉત્તેજનાને દબાવી દઇ વશ કરવાની, સ્વ-ત્યાગની વૃધ્ધિ, વિચાર અને વિવેકને કઠણ રાખી તેને મજબૂત બનાવો, જેથી મન મનુષ્ય ઉપર તેનું વર્ચસ્વ ન જમાવે. જ્યારે મન જીતી લેવાય, ત્યારે જ્ઞાનના ઉદયની સૂચના છે.

સાધકે કાયમને માટે જાગ્રત રહેવાનું છે, કારણ, ઇન્દ્રિયો ગમે તે ક્ષણે ઉછાળો મારી શકે છે; ખાસ કરીને જ્યારે યોગી દુનિયા અને દુન્યવી લોકોની સાથે હળેમળે તે સમય પર, તે મૂળભૂત તત્વને મનની દ્રષ્ટિની સામે સતત રાખવું જોઇએ. ઇચ્છાઓને વધવા ન દેવાની. સમય વ્યર્થ ન કરો, ના, એક ક્ષણ પણ નહીં. એક સુખકારક વસ્તુની લાલસા બીજી તેના કરતાં પણ વધુ સુખકારક વસ્તુની લાલસાને પેદા કરે છે. ઇચ્છાઓને પોતાને જ તેના મૂળથી કાપી નાંખો અને તમારી જાતના માલિક બનો. ઇચ્છાઓનો ત્યાગ તમને જલ્દીથી જ્ઞાનના શીખર પર લઇ જશે.

જ્ઞાની અથવા મુક્ત માણસને આનંદ કે દુ:ખથી અસર થશે નહીં, કારણ જેણે મનનો જ નાશ કર્યો હોય તેનામાં કોઇપણ પ્રસંગ કઇ રીતે પ્રતિક્રિયા ઉત્પન્ન કરી શકે? મન જ તમને ‘લાગણીનો‘ અનુભવ કરાવે છે; જ્યારે વ્યક્તિ બેભાન કરવાવાળી દવા લે છે ત્યારે તેને કોઇપણ દુ:ખાવો કે આનંદની લાગણી પણ થતી નથી, કારણ ત્યારે શરીરને મનથી અલગ કરાયું હોય છે. તે જ પ્રમાણે, જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે મનને છુટુ પાડે છે અને તેને બધા સંબંધોથી પણ અલગ રાખે છે.

વિશિષ્ટ પ્રકારની શિસ્તથી, મનના ફિતૂરો શાંત કરી શકાય છે, આના પરિણામ રુપે મનના ખેંચાણમાંથી મુક્ત થઈ, આત્માના આનંદનો આસ્વાદ લઇ શકે છે; મન તેને બહાર આકર્ષે છે અને માત્ર બાહ્ય ભૌતિક આનંદ આપે છે. પરંતુ જ્ઞાની માણસ તેને ક્ષણિક સમજે છે. આનંદ માટેની

ઇચ્છાને પૂર્ણ કરવામાં સંપૂર્ણ અને શાશ્વત આત્મા પૂરતો છે. તેથી, તેને બાહ્ય જગતની કોઇ જરૂરિયાત પડતી નથી.

જ્ઞાનીને તેના હિતકારી નિર્ણયો, તેની હિતકારી પ્રેરણાઓ અને ઉદ્દેશ દ્વારા તે કેટલીક વિશેષ સિધ્ધિઓ પ્રાપ્ત કરશે. એના દ્વારા તે જે કોઇ ઇચ્છા કરે તે મેળવી શકે છે. જ્ઞાનીની સ્થિતિનું મહત્વ અવર્ણનિય, તમારી કલ્પનાની પાર છે. તે ઇશ્વરના પોતાના તેજ અને ભવ્યતાની સમાન લક્ષણના છે. શા માટે, તે પોતે જે બ્રહ્મ હંમેશા હતો તે બ્રહ્મ બને છે. તેથી એમ કહેવાયું છે, ‘બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ, બ્રહ્મવિદાપ્નોતિ પરમ્’.

એટલે એમ કહેવાનું કે, જેણે બ્રહ્મને જાણ્યું છે તે પોતે બ્રહ્મ બની જાય છે. તે બ્રહ્મત્વ પ્રાપ્ત કરે છે. આ જગત અસત્ય અને બ્રહ્મ પોતે સત્ય, આ ઘટના સ્પષ્ટ થવી જોઇએ; તે પછી બધી વાસનાઓનો નાશ અને અજ્ઞાનનો વિધ્વંસ થાય છે. જ્ઞાન રત્નની મન દ્વારા ચોરી થઇ છે; તેથી જો તે પકડાઇ જાય, તો રત્ન પાછુ મળી શકે. રત્ન, તમને તે બ્રહ્મની પદવી અને પ્રતિષ્ઠા આપે છે, જે તમે તરત માની લો છો

મહાત્માઓ જેમને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે તેઓ પૂજનિય છે. તેઓ પવિત્ર છે, કારણ તેમણે બ્રહ્મને પ્રાપ્ત કર્યું છે, જેને જાણવાનો જગતમાં, તે મહાન હોય કે તપસ્વી હોય દરેકનો હક્ક છે, તેઓ તે સામ્રાજ્યને મેળવવાની આકાંક્ષા કરે છે, તે માનની આકાંક્ષા કરે છે. આ મહાન રહસ્ય છે, જે રહસ્યને વેદો, શાસ્ત્રો અને ઉપનિષદોમાં સ્પષ્ટ સમજાવ્યું છે. તે રહસ્યને શોધવામાં જીંદગી સફળ થાય છે. તે મુક્તિની ચાવી છે.

જ્ઞાનની ધારવાળી તલવાર દ્વારા સત્ય અને અસત્યને કાપી અલગ કરી દેવાના. તે જગતને દૂર કરી નાંખશે અને ભગવાનના રહેઠાણને તમારી પહોંચની અંદર લાવશે. તે રહેઠાણ નિત્યાનંદ, શાશ્વત આનંદ, પરમાનંદ, સર્વોત્તમ આનંદ, બ્રહ્માનંદ, બ્રહ્મનો આનંદ પોતે જ છે.

માયા તેની શક્તિઓ વડે (૧) સાચા સ્વરૂપનું આવરણ કરે છે, (૨) સાચા ઉપર ખોટાનું આરોપણ કરે છે. તે માયા એક અને માત્ર એક બ્રહ્મને ત્રણ વસ્તુઓ -જીવ, ઈશ્વર અને જગતના

રુપે દેખાડે છે જ્યાં તે માત્ર એક છે. માયા શકિત અવ્યક્ત છે પરંતુ તે જ્યારે વ્યક્ત થાય ત્યારે તે મનનું રુપ ધારણ કરે છે. તે મનમાંથી જગત રૂપી વિશાળ વૃક્ષના બીજમાંથી અંકુર ફુટવાનું શરુ થાય છે. મનના આવેગો અથવા વાસનાઓ, અને માનસિક નિર્ણયો અથવા સંકલ્પોરૂપી પાંદડાઓ બહાર આવે છે. તેથી આ, આ સમસ્ત ભૌતિક જગત મનની અનેકવિધતા અથવા વિલાસ છે.

જીવ અને ઇશ્વર આ અનેકવિધતામાં પકડાઇ ગયા છે અને તેઓ જગતમાં છૂટા પાડી ન શકાય તે રીતે વણાઇ ગયા છે અને તેથી, તેઓ પણ, સ્વપ્ન જગતમાં જેમ વસ્તુઓ દેખાય છે તેમ મનની પ્રક્રિયાની પેદાશ છે.

જીવ, ઇશ્વર અને જગત એ ત્રણે રંગથી રંગાયેલા છે તેવી કલ્પના કરો. તે રંગેલા ચિત્રના જગતમાં જીવ અને ઈશ્વર બન્નેને તેમાં સમાવી દીધા છે અને જો કે એક જ રંગથી તે ત્રણેને બનાવ્યા છે પરંતુ તેઓ અલગ તત્વો તરીકે દેખાય છે, તે જ પ્રમાણે, જગતની પાશ્વભૂમિ ઉપર, વ્યાપેલા અને અંતર્ભૂત જીવ અને ઈશ્વર અલગ હોય તેવો દેખાવ માનસિક પ્રક્રિયા ઉત્પન્ન કરે છે.

જીવ, ઈશ્વર અને જગતના ભ્રમને માયા પેદા કરે છે; આ શ્રુતિએ જાહેર કર્યું છે. ‘તે‘ અને ,’હું’, ‘આ’ અને ‘પેલું’, અને ‘મારું’ અને ‘તેનું’ ના ચમત્કારી નૃત્ય માટે તે માનસિક પ્રક્રિયાઓ જવાબદાર છે, એમ વસિષ્ઠસ્મૃતિએ તે સ્પષ્ટ કર્યું નથી? ‘સોહમિદમ’ શબ્દ પ્રયોગ જે તે પુસ્તકમાં મળે છે તે જીવ, ઇશ્વર અને જગતને સૂચવે છે. ‘સ:’ નો અર્થ ‘તે’, અમૂર્ત, પરમાત્મા, પરાશક્તિ, ઇશ્વર એવો થાય છે. ‘અહમ’ નો અર્થ એટલે ‘હું’, તત્વ જે કર્તા વિગેરે. ભાવથી લપેટાયેલું છે, ‘ઇદમ’ નો અર્થ બાહ્ય પદાર્થો, ઇન્દ્રિયગમ્ય જગત છે. તેથી, એ સ્પષ્ટ છે કે આ ત્રણે માત્ર મનની પ્રક્રિયાની પેદાશ છે. અને તેમનું કોઇ મહત્વ નથી . તેમનું માત્ર સાપેક્ષ મહત્વ છે.

જાગૃત અવસ્થામાં અને સ્વપ્ન દરમ્યાન, આ ત્રણે સાચા દેખાય છે; પરંતુ ગાઢ નિંદ્રા દરમ્યાન અથવા બેભાન અવસ્થા દરમ્યાન મન કામ નથી કરતું, તેથી, ત્રણેનું અસ્તિત્વ નથી. આ તથ્ય બધાના અનુભવમાં છે. તેથી, જ્ઞાન દ્વારા જ્યારે મનની પ્રક્રિયાઓનો નાશ થાય છે ત્યારે આ ત્રણે કાયમને માટે અદ્રશ્ય થઇ જશે, હવે તે અનુભવવા તમારે માટે સરળ થાય છે. પછી

વ્યક્તિ આ ત્રણેના બંધનમાંથી મુક્ત થઈ જાય છે અને એક અને માત્ર એક તત્વને જાણે છે. ખરેખર, તો તે અદ્વૈત જ્ઞાનમાં સ્થિર થાય છે

મનની પ્રક્રિયાના પૃથક્કરણમાંથી પ્રાપ્ત થયેલું જ્ઞાન માત્ર જ માયાનો અંત કરી શકશે. માયા અજ્ઞાન અને વિવેકની ગેરહાજરીમાં જ ફાલે છેઃ તેથી વિદ્યાની ભૂરકી માયાનો અંત લાવે છે.

તમારા કર્મોને પરિણામે ક્ષોભો ઉત્પન્ન થાય છે, ખોટી રીતે જીવવા અને ખોરાક લેવાથી તેઓ સમૃધ્ધ થાય છે. આવા ખોટા વર્તનના વિકાસ સાથે તેઓ પણ વિકસે છે. સાપનો વિચાર જે માયા છે, તે દોરડાના સાચા લક્ષણના અજ્ઞાન ઉપર પાંગરે છે. દોરડું જે આધાર છે તેને વ્યક્તિ જેમ વધુ ભૂલી જાય છે તેમ તે સાપનો વિચાર વિકાસ પામી દ્રઢ બને છે, જે અજ્ઞાન, આત્માના લક્ષણની શોધને પ્રતિબંધિત કરીને મુલતવી રાખે છે તે માયાને સમૃધ્ધ કરે છે. આ વૃત્તિથી પોષાતી માયા અંધકાર જેટલી ઘાટી બને છે. જ્યારે જ્ઞાનની જ્યોતનો પ્રકાશ પડે છે. ત્યારે અંધકારનો વિનાશ થાય છે સાથે જીવ, જગત અને ઇશ્વરનો ભ્રમ પણ દૂર થાય છે.

ખોજ સાપને  અદ્રશ્ય કરે છે; ત્યાર પછી દોરડું એક્લું જ રહે છે. તે જ પ્રમાણે, મન દ્વારા માયા અને તેજ માયાના મોરો જેવા જીવ. જગત વિગેરે જે દેખાય છે તેની સચ્ચાઇ ઉપર વિચાર (ખોજ) શરુ કરતા તરત જ બધા અદ્રશ્ય થઇ જશે. વ્યક્તિ જાણી જશે કે ત્યાં બ્રહ્મન્ સિવાય બીજું કશુ છે જ નહી. બ્રહ્મન્ એકલું જ અસ્તિત્વ ધરાવે છે.

કઇ રીતે એક વસ્તુ બે તરીકે દેખાઇ શકે, તે પ્રશ્નનો જવાબ એમ આપી શકાય, ખોજ પહેલાં બ્રહ્મન્ જગત તરીકે દેખાય છે, જો કે તેના સાચા સ્વભાવમાં જરાપણ ફેરફાર થયો નથી, જેવી રીતે ઘડાને ઘડા તરીકે જ પહેલા સમજાય છે, ખોજે તે સ્પષ્ટ કર્યું કે મૂળમાં તો તે માત્ર માટી જ છે. જ્યાં સુધી ખોજે તે સ્પષ્ટ ન કર્યું કે તે પાયામાં પ્રાથમિક રીતે સોનું છે, ત્યાં સુધી મુગટ, બુટ્ટી, હાર દેખાવે તો જુદા દેખાય છે. તે જ રીતે એક બ્રહ્મન્ ઘણાં રુપોમાં અને જુદા જુદા નામોમાં દેખાય છે અને તેથી અનેકવિધતાનો ખ્યાલ આપે છે, બ્રહ્મન્ એકલું છે, હતું અને રહેશે. નિશ્ચિત

રીતે માનવું કે આ જગત એ માત્ર આરોપણ છે તે જ સાચી વિદ્યા છે. આ વિદ્યા એ બધા અજ્ઞાનનો અંત છે.

સસલાના શિંગડાનું અસ્તિત્વ નથી. તે તો કોઈ વસ્તુના આરોપણ અથવા આધ્યાસનું વર્ણન છે. સાચા તત્વનું જ્ઞાન જ તે અધ્યાસનો કાયમ માટે નાશ કરશે. પછી ખોટો વિચાર ઓગળી જશે. માત્ર અજ્ઞાનીઓ માયાને સાચા તરીકે વળગી રહેશે. જ્ઞાનીઓ સૌથી સારી રીતે તેને 'અવર્ણનિય' અથવા 'સમજુતીથી પર' ઓળખાવશે, કારણ કઇ રીતે માયા પહેલા ઉત્પન્ન થઈ તે સમજાવવું મુશ્કેલ છે. આપણે એટલું જ જાણીએ છીએ કે તે ભ્રમ કરાવવા માટે છે. જ્ઞાનીઓ તેને 'સસલાના શિંગડા' તરીકેનો ઉલ્લેખ કરે છે. આ રીતે, દરેકના દ્રષ્ટિબિંદુ પ્રમાણે, તેને ત્રણ જુદી જુદી રીતે બોલાય છે.

જ્યારે ભોળા બાળકોને  કહેવામાં આવે, 'જુઓ, ત્યાં ભૂત સંતાઈ રહ્યું છે', તેઓ તેને સાચું માનીને એકદમ ગભરાઈ જશે. તે જ પ્રમાણે, વગર વિચારે અજ્ઞાનીઓ માયાની અસર દ્વારા તેમની  આસપાસના પદાર્થોના અસ્તિત્વને સાચા માની લે છે. જેઓને વિવેકની બક્ષિસ મળી છે, તેઓ ગમે તેમ, સાચા બ્રહ્મન્ અને ખોટા જગત વચ્ચે તફાવત જુએ છે; બીજા અવિવેકીઓ, તેમ કરવાને અશકિતમાન હોવાથી અથવા માયાના સાચા સ્વભાવને શોધી ન શકવાથી, તેને 'અવર્ણનિય', 'અનિર્વચનિય' તરીકે રુખસદ આપે છે.

જ્ઞાનીઓ જેઓ સત્યને સ્પષ્ટ રીતે સમજયા છે, તેને માતા તરીકે વર્ણવે છે, જેના મડદાની અંતિમ વિધિ દીકરો કરે છે. માયાનો અનુભવ જ્ઞાનને ઉત્પન્ન કરે છે, અથવા 'જ્ઞાનને છતું કરે છે'. બાળક વિદ્યા જેવો તેનો જન્મ થાય છે કે તરત માતાને મારી નાંખે છે. માતૃહત્યાના ખાસ હેતુ માટે જ બાળકને જન્મ અપાયો છે, અને કુદરતી રીતે તેનું પહેલું કામ મૃત માતાનો અગ્નિદાહ કરવાનું છે.

જંગલમાં જ્યારે એક ઝાડ સાથે બીજું ઝાડ ઘસાય છે ત્યારે અગ્નિ ઉત્પન્ન થાય છે અને અગ્નિ બન્નેને બાળી નાંખે છે. તે જ રીતે, વિદ્યા અથવા જ્ઞાન જે માયામાંથી ઉદ્દભવે છે તે જ્ઞાનના મૂળ સ્રોત માયાનો જ વિનાશ કરે છે. વિદ્યા અવિદ્યાને ભસ્મીભૂત કરે છે.

'સસલાના શિંગડા' શબ્દપ્રયોગની જેમ બીન-અસ્તિત્વ ધરાવતી વસ્તુનું માત્ર નામ છે, માયા પણ અસ્તિત્વ રહિત છે, અને તેને વ્યક્તિએ માત્ર રદ કરવા માટે જ જાણવી જોઇએ, જેથી તેની ચેતનામાંથી તેને રદબાતલ કરી શકે. જ્ઞાનીઓ તેમ કહે છેઃ

આ બધું જ નથી, કોઇપણ વસ્તુ જેનું અસ્તિત્વ નથી, તેને તમે માયા અથવા અવિદ્યાના નામની કાપલી ચોંટાડી શકો. જ્યારે જ્ઞાનનો વિકાસ થાય છે ત્યારે જે કોઈ વસ્તુ અર્થવિહિન, મહત્વ વિનાની, અવાસ્તવિક, આધાર રહિત, અને અસ્તિત્વ રહિત બને, તેને તમે માયાના પ્રગટિકરણ તરીકે લઇ શકો છો.

બીજો રસદાયક મુદ્દો આ છેઃ એમ દલીલ કરી શકાય કે જ્યારે માયા જ વિદ્યાને પેદા કરે છે, તો માયા સાચી અને યોગ્ય છે અને માનને લાયક છે; પરંતુ જે વિદ્યા તેનામાંથી ઉત્પન્ન થાય છે તે પણ શાશ્વત નથી, જેવો વિદ્યા દ્વારા અવિદ્યાનો નાશ થાય છે કે તરત વિદ્યા પણ પૂરી થાય છે. જ્યારે અગ્નિ તેનું કામ પૂરુ કરે છે, ત્યારે વૃક્ષો અને અગ્નિ બધાનો નાશ થાય છે.

જે જ્ઞાન માત્ર વેદાંતને સાંભળવાથી મળે છે તેને પ્રત્યક્ષ જ્ઞાન કહી નહીં શકાય. કારણ આવી જ્ઞાનની પ્રક્રિયામાં એક વસ્તુને બીજી તરીકે લેવાની ભૂલ વાસ્તવિક અનુભવ દ્વારા તે દૂર થઇ નથી, તો પછી તેને કઇ રીતે સાક્ષાત કે પ્રમાણભૂત લઇ શકાય? ના, તેમ ન હોઇ શકે. તે માત્ર પરોક્ષ છે.

તેમ છતાં, બ્રહ્મન્ જેનું સ્વરુપ માત્ર સત્, ચિત્ અને આનંદ છે તેને સાંભળવાથી વ્યકિત તેનું ચિત્ર કે કલ્પના કરી શકે; પરંતુ, વ્યક્તિએ ખરેખરા બ્રહ્મન્ ને 'જોવા' જોઇએ, જે વ્યક્તિના પંચકોષોનો સાક્ષી - અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય- છે.

શાસ્ત્રી પાસેથી તમે એટલું જાણી શકશો કે તે જેને ચાર હાથો છે અને તે દરેક્ની પાસે શંખ, ચક્ર, ગદા અને કમળ એક એક હાથમાં છે તે વિષ્ણુ છે. ધ્યાનમાં તમે તેનું તેવું ચિત્ર ખડું કરતા

હશો. પરંતુ છતાં, જ્યાં સુધી તમે તેને તમારી પોતાની દ્રષ્ટિથી 'જોયા' સિવાય મૂર્તિને લગતા અભ્યાસથી જે જ્ઞાન મળે છે તે કદાપિ પ્રત્યક્ષ અનુભવની સમાન નહી આવી શકે.

જ્યારે તમે શાસ્ત્રોનો અભ્યાસ કરી સમજ્યા, ત્યારથી વિષ્ણુનું રુપ જુદુ અને બહાર છે, તે જ્ઞાન ખરેખર પરોક્ષ અનુમાન છે, પ્રત્યક્ષ અનુભવ નથી. બ્રહ્મન્ જે પોતાનું સ્વરુપ છે (જે જુદુ કે બહાર નથી), તે સત્યથી વ્યક્તિ અજ્ઞાન હોવા છતાં જો 'તત્ ત્વમ્ અસિ' જે મૂળભૂત સત્યને સ્પષ્ટ કરે છે, તે મહાવાક્યનું વિવરણ જેવો તે સાંભળે કે તરત તે પોતે બ્રહ્મન્ છે તેમ તે અનુમાન નહી કરી શકે? પરંતુ, તે કરતો નથી.

વસ્તુઓ જે તમારાથી જુદી છે જેવી કે સ્વર્ગ વિગેરે. તેમને વિષે શાસ્ત્રોમાંથી મેળવેલા જ્ઞાનને કોઇ મહત્વ છે તેવી તમને શંકા હોઇ શકે; પરંતુ, તમારે તેમ કહેવાનું નહીં, કારણ, તેજ શાસ્ત્રોએ તમે બ્રહ્મન્ પોતે જ છો, તમે મૂળભૂત બ્રહ્મન્ છો અને બીજું કશું નથી, તેવું મહાવાક્યો કે મહાન જાહેરાતો દ્વારા કહ્યું છે, અને તેઓ તમને ચેતવે છે કે પ્રત્યક્ષ અનુભવ આ મહાવાક્યોને માત્ર સાંભળવાથી મળતો નથી.

સાધકની પ્રગતિ આ લક્ષણની છે: તેણે જે સાંભળ્યું છે તેના ઉપર શ્રધ્ધા અને ચોકસાઇ સાથે, પરોક્ષ રીતે આત્માના લક્ષણોને સમજે છે ત્યાં સુધી વિચાર કરે છે. પછી, તે જ્ઞાનને વાસ્તવિક અનુભવના ક્ષેત્રમાં લાવે છે, તે મનનની પ્રક્રિયાને અપનાવે છે, એટલે મનમાં તેને ઘૂંટે (મનન) છે.

આત્મા દરેક સ્થળે અને દરેક વસ્તુમાં હાજર છે, તે અસંગ છે, તે આકાશ અથવા અંતરિક્ષની જેમ સર્વવ્યાપી છે. તે આકાશથી પણ પર છે, તે આકાશ ચિત્તમાં અથવા વિશ્વ ચેતનામાં છે; તેથી, 'પરમ' અથવા પર તરીકે તેનો ઉલ્લેખ થાય છે. શ્રુતિમાં તેને 'અસંગોયમ્ પુરુષ', તરીકે વર્ણવાય છે. 'આ પુરુષ અસંગત છે'.

આત્માને કોઇપણ વસ્તુની અસર થતી નથી તેમજ કોઇપણ વસ્તુનો સંગ થતો નથી. તે દરેક વસ્તુથી પર છે અને આવેશો કે પ્રવૃત્તિ રહિત છે. તે અમર્યાદિત છે કે નહી તે માટે તમારે

શંકા કરવાની જરૂર નથી. તે દેશ, કાળ અને વસ્તુ એ ત્રણ મર્યાદાઓથી પર છે. તમે એવુ નહી કહી શકો કે આત્મા એક જગ્યાએ છે અને બીજી જગ્યાએ નથી. તે સ્થળથી મર્યાદિત નથી. તમે એવું નહીં કહી શકો કે એક સમયે તેનું અસ્તિત્વ છે અને બીજી વખત તેનું અસ્તિત્વ નથી. તે સમયથી મર્યાદિત નથી આત્મા સર્વસ્વ છે. એવું કશું જ નથી જે આત્મા નથી. આત્મા સમગ્ર છે; તેથી તેને વસ્તુઓ, નામ કે રૂપની મર્યાદા નથી. આત્મા પૂર્ણ અને મુક્ત છે. આને જાણવું તે પૂર્ણ જ્ઞાન છે. સર્વોચ્ચ સત્ય.

અહીં એક શંકા ઊભી કરી શકાય; જો આત્મા આકાશની જેમ દરેક વસ્તુમાં અંતભૂર્ત છે, તે રૂપાંતર, વિકાર, ફેરફાર નથી? ના, અસ્તિત્વમાં હોવું ઉત્પન્ન થવું, વિકસવું, રૂપાંતર થવું, ક્ષીણ થવું, મરવું- આ છ રૂપાંતરો કે વિકારો છે; પરંતુ આત્મા સર્વસામાન્ય, સાક્ષી હોવાથી, આકાશ અને બીજા ભૂતોને જાણે છે. તે કારણે તેનામાં બીલકુલ વિકારો નથી. તે નિર્વિકાર છે.

જ્યારે એમ કહેવાયું છે કે આત્મા નિર્વિકાર છે, તેનો અર્થ, બીજી કોઈ વસ્તુઓને વિકાર અથવા રૂપાંતર છે; તેથી, પ્રશ્ન પૂછી શકાય કે કઇ રીતે અદ્વૈત શબ્દનો ઉપયોગ કરી શકાય? હવે કેટલીક વસ્તુઓને વિકાર છે અને કેટલીકને નથી. પરંતુ જ્યારે આત્મા સિવાય બીજું કશું નથી, ત્યારે દ્વૈતનું અસ્તિત્વ હોવું એમ બોલવું ખોટું છે, તે બે નથી. તે એક છે. તે માટે કોઇ શંકા હોઇ ન શકે; પેદા પણ ન થઇ શકે. આત્માની બહાર બીજું કશું જ નથી એમ કઇ રીતે કહી શકાય? આ કારણથી. આત્મા આ બધાનું કારણ છે. અને કારણ અને કાર્ય વચ્ચેનો કોઇ ભેદ નથી; કારણ કાર્ય વિના હોય ન શકે, અને કાર્ય કારણ વિના હોઇ ન શકે.

કેટલાંક શંકાથી પરેશાન થતા હશે: કઇ રીતે આત્મા વિશ્વ કારણ હોઇ શકે? આત્માએ વિશ્વ કારણ છે. કારણ તે વિશ્વ સાક્ષી છે. આ જગતના બધા ભ્રમનું કારણ દ્રષ્ટા (જોનાર) છે. દ્રષ્ટા છીપલામાં ચાંદી પેદા કરે છે. સ્વપ્ન જગતના વિવિધ દ્રશ્યો દ્રષ્ટાનું સર્જન છે. તેથી, સુધ્ધા જાગૃત અવસ્થા દરમ્યાન અનુભવાતી વસ્તુઓની અનેકવિધતા, પણ, આત્મા, જે દ્રષ્ટા છે તે સાધન છે.

જગત ભ્રમ છે, નામ અને રુપની ઉત્પત્તિ અને પ્રલયમાં (વિશ્વ દાવાનળ) લય થાય ત્યાં સુધી સ્થિતિ હોય એવું માયાની લીલાને કારણે દેખાય છે. તે ભ્રમ જ્ઞાનના પ્રકાશમાં અદ્રશ્ય થઇ

જાય છે, જેવી રીતે દોરડાને ઢાંક્તા સાપનો ભ્રમ રોશની દૂર કરે છે. પછી, આત્મા સર્વસ્વ છે તે જ્ઞાન, પૂર્ણ અને ફલિત હોય છે, વ્યક્તિ એક છેડાથી બીજા છેડા સુધી, આરપાર પૂર્ણ રીતે આત્મા છે. તે જ પ્રમાણે શ્રુતિ પણ જાહેર કરે છે.

આત્મા હંમેશ સંતૃપ્ત અને આનંદયુકત છે. તમને, એક વસ્તુ બીજી કરતા વધુ આકર્ષક લાગે અને તેથી આ વિષયાશક્તિ અને પ્રીતિ ભ્રમ અને લોભનું ફળ છે. તે કૂતરાની જેમ હાડકાને કરડયા કરવાની અને જ્યારે તેની જીભમાંથી લોહી નીકળી હાડકાની સાથે મળી જાય, ત્યારે તે હાડકાને લોહીના વધારાના સ્વાદને કારણે વધારે લહેજતથી માણે છે. જ્યારે તેને બીજું હાડકું મળે છે, ત્યારે તે પહેલાને છોડી દઇ બીજાની પાછળ દોડે છે. આત્મા શું કરે છે, તે બાહ્ય ક્ષણિક પદાર્થોની ઉપર તેના અંતર્ભૂત આનંદનું આરોપણ કરે અને તે રીતે પદાર્થને નિશ્ચિત મોહકતાથી આવરી લે છે.

પદાર્થોને આનંદ આપનાર તરીકે લેવાય છે પરંતુ ખરેખર તેઓ તેવા નથી. તેઓ માત્ર દુ:ખમાં વધારો કરે છે. તેઓ હંમેશા બદલાયા કરે છે, ભ્રમિત આંખો દ્વારા પદાર્થો તરફ પ્રીતિ દેખાય છે. તે મર્યાદિત છે, અમર્યાદિત નથી.

આત્મા માટેની પ્રીતિમાં કોઇ રુપાંતર થતું નથી. જ્યારે શરીર અને ઇન્દ્રિયોનો નાશ થાય ત્યારે પણ આત્મા ટકી રહેશે અને આનંદ ભરી દે છે. તે અમર્યાદિત અને અવિનાશી છે. દરેક વ્યક્તિને પોતાની જાત માટે, અથવા આત્મા માટે આસક્તિ હોય છે. તેનો સ્વભાવ પરમાનંદનો છે. આ કારણસર, તેને સત્, ચિત્ અને આનંદના લક્ષણવાળા તરીકે વર્ણવાય છે.

આ ત્રણે આત્માના ગુણો કે લક્ષણો છે? અથવા, તેઓ તેનો સાર, તેની પ્રકૃતિ છે? આ પ્રકારની શંકા ઉદ્‌ભવિ શકે. લાલાશ, ગરમી અને તેજ એ અગ્નિનો સ્વભાવ છે, તેના ગુણો નથી. તે જ રીતે આત્માનો, પણ, સત્, ચિત્ અને આનંદ એનો ખરો સ્વભાવ છે. અગ્નિ એક છે અને આત્મા પણ એક છે, જો કે બન્ને જુદા તરીકે દેખાય છે. પ્રવાહીપણું, શીતળતા અને સ્વાદ એ પાણીનો મૂળ સ્વભાવ છે; તેમ છતા, પાણી દરેક જગ્યાએ સમાન છે, વિવિધ નહીં.

આત્મા એક છે; તે બધામાં સમાયેલો છે, અને તેને જાણવાથી બધુ જાણી જવાય છે. વ્યક્તિના પાંચ કોષો - અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમયનો આત્મા સાક્ષી છે. કઇ રીતે તે બધું જાણકાર છે, તેમ પૂછી શકાય? આત્મા ચિત્ છે અને બીજું બધું જડ છે. આત્મા એકલો જ જાણી શકે છે, બીજું કોઇપણ જાણવાને શક્તિમાન નથી; બીજું બધુ આત્મા છે તે આત્મા જાણે છે. ઘડો તેની અંદરના આકાશને જાણી શકે છે? જો કે તેને ખબર નથી પણ તેની અંદર તે જ આકાશ છે. વ્યક્તિમાંના આત્માને ઇન્દ્રિયોની જડતા ખબર છે. આ રીતે, શરીર, ઘર, ખેતર, ગામ દેશ આ બધી 'જાણીતી' (વસ્તુઓ) છે; તે જ પ્રમાણે વણજોયેલી વસ્તુ જેવી કે સ્વર્ગ, વિગેરે. 'સમજી જવાય' છે.

શરીર અને દેશ, વિગેરેની, અનેકવિધતાનું અસ્તિત્વ નથી, તેઓ તેમ દેખાય છે, કારણ, તેઓ મનની વાસનાથી બનેલા છે. તેઓ માત્ર પડદા ઉપર જુદા જુદા અને વિવિધ પ્રકારના દેખાય છે. જો કે વ્યક્તિ સ્વપ્નામાં અનેકવિધતાનો અનુભવ કરે છે, પરંતુ વ્યક્તિ જાણે છે કે તે બધા તેના પોતાના મનના ખોટા સર્જનો છે. સ્વપ્નના સાક્ષી માટે આ સ્પષ્ટ છે. તે જ પ્રમાણે, વધુમાં વધુ, જાગૃત અવસ્થાના અનુભવ પણ માનસિક ચિત્ર છે. લોકો સ્વર્ગ વિગેરે. વિષે બોલે છે, તેમ છતાં તેમને અનુભવ નથી. આ બધાની પાછળની એકતા અને સત્યની તપાસ એ જ્ઞાનીની ફરજ છે, તેનું સાચું લક્ષણ છે.

કેટલાંક લોકો એવું કહે છે કે તેમને સાક્ષાત્કાર થયો છે, તેને કઇ રીતે સાચું લઇ શકાય? જ્યારે, 'અહમ્ બ્રહ્માસ્મી' તે વાક્ય અનુસાર 'હું બ્રહ્મન્ છું' એમ વ્યક્તિ સમજે છે, 'હું' જે જીવી છું તે પરિવર્તનશીલ અસ્તિત્વ ધરાવનાર વસ્તુ, વિકારી છે. કઇ રીતે તે તેને કદાચ સમજી શકે? નિર્ધન તે રાજા છે તેવુ અનુભવી શકે નહીં; તે જ પ્રમાણે, માણસ જેવી વિકારી વસ્તુ અવિકારી બ્રહ્મન્ ને સમજી ન શકે, અથવા તે બ્રહ્મ છે તેમ સિધ્ધાંત તરીકે માની લઇ શકે નહીં.

આ જીવી જે પોતાની જાતને 'હું' કહેવડાવનાર કોણ છે? આ પ્રશ્ન ઉપર મનન કરતા. તે જોઇ શકશે કે 'હું' તો અધિકારી નિત્ય સાક્ષી આત્મા છે, આત્મા, કેવળ અજ્ઞાન દ્વારા, તેના સાચા સ્વભાવને ભૂલી જઇને પોતાને પરિવર્તનથી અસર પામનાર સમજી લે છે. જ્યારે તે શાંતિથી તેના વ્યક્તિત્વ ઉપર વિચાર કરે, ત્યારે તે જાણી શકશે કે 'હું વિકારી નથી, હું તો અહંકારનો સાક્ષી છું,

અહંકાર જે સતત રુપાંતરથી હેરાન થાય છે’ અને પછી, આ પગથિયાથી, તે પોતાની જાતને અવિકારી દ્રષ્ટા અથવા સાક્ષી સાથે એકરૂપ કરવાનું શરુ કરશે. આ અવસ્થા પછી, ‘અહમ્ બ્રહ્માસ્મિ’ નો અનુભવ કરવાને કોઇ મુશ્કેલી નથી.

કઇ રીતે એમ કહી શકાય કે અહમ્ બ્રહ્માસ્મિનો અનુભવ સાક્ષી કરે છે? ખરેખર તે અનુભવ કોણ કરે છે? તે સાક્ષી છે, અથવા જે પોતાની જાતને ‘હું’ કહે છે અને જેનું રૂપાંતર થાય છે તે જીવી છે? જો આપણે એમ કહીએ કે તે સાક્ષી તેમ સમજે, તો મુશ્કેલી એ છે કે તે ‘હું’ નો સાક્ષી છે અને તેનામાં અહંકારત્વ અથવા અહમનો વિચાર નથી. જો એમ કહેવાયું હોય કે તે અહમ છે, તો પછી તે કઇ રીતે સાક્ષી પણ હોઇ શકે? જો તે અહમ હોય તો તેણે રુપાંતરને આધિન થવું પડે, પછી સાક્ષી પણ વિકારી બનશે. તેને ‘હું બ્રહ્મન્ છું’ એવો વિચાર નહીં હોઇ શકે; તેથી, તે કદાપિ નહીં સમજી શકે ‘હું બ્રહ્મન્ બન્યો છું’. તેથી ‘અહમ્ બ્રહ્માસ્મિ’ સાક્ષી અનુભવે છે તેમ કહેવામાં કોઇ અર્થ નથી.

તો પછી, તે કોણ છે જે આ સત્યને સમજે (અનુભવે) છે? તેમ ક્હેવું જરુરી બને છે કે તે જીવી, ‘હું' તેમ કરે છે. કારણ, અજ્ઞાની તે ભ્રમની બેડીમાંથી મુક્ત થવા બ્રહ્મ સાથેના ઐક્ય ઉપર ધ્યાનનો અભ્યાસ કરે છેઃ સાક્ષીને અજ્ઞાન નથી તેથી, તેનાથી છૂટવાની જરુર નથી, એકલા અજ્ઞાનીને જ તેને દૂર કરવાના પગલા લેવાની જરુર પડે છે, અજ્ઞાન કે જ્ઞાન જેવા ગુણો માત્ર જીવી સાથે જોડાય છે, સાક્ષી સાથે નહીં, આ વાસ્તવિક અનુભવથી સિધ્ધ થયું છે. કારણ, સાક્ષી જે જ્ઞાનનો અને અજ્ઞાનનો દેખીતો આધાર છે પરંતુ તે બન્ને વિનાનું છે, જ્યારે જીવી આ બન્ને સાથે એકદમ બંધાયેલો છે.

કેટલાંક શંકા કરશે, કઇ રીતે આ તફાવત આવી ગયો છે, ‘હું જે જીવી જે ફેરવાય, બદલાય અને પ્રક્ષુબ્ધ થાય છે તેને સાક્ષી જાણે છે? અને આ જોનારો કોણ છે? અમે તેને જાણતા નથી,’ તેમ તેઓ પૂછી શકે. પરંતુ અજ્ઞાનના દુ:ખને ભોગવીને અને વેદાંતના અભ્યાસમાંથી શાંતી મેળવવાનો પ્રયત્ન કરવાથી, વ્યક્તિ એમ તારવણી કરે છે ત્યાં જોનાર હોવો જોઇએ, જેને (જોનારને) પસાર થતા વાદળોની કોઈ અસર થતી નથી. જ્યારે સાધનાથી જગતના ભ્રમનું આરોપણ દૂર થાય છે તે પછીથી, સાક્ષી અથવા આત્મા, જેને વ્યક્તિએ વિચાર કરીને જાણ્યો છે તે આત્માને વાસ્તવિક અનુભવથી જાણે છે.

જ્ઞાનનો અનુભવ માત્ર જીવ માટે ઉપલભ્ય છે, કારણ અજ્ઞાન તેને એક્લાને છે. તેથી જીવી અહમ્ બ્રહ્માસ્મિ' એમ જાણે છે સાક્ષી નહીં. તે જ્ઞાનનો ઉદય થયા પછી જ, ‘હું-પણું' અદ્રશ્ય થશે. તે બ્રહ્મ બને છે. હવે, એવો કોણે છે જેણે જોયો છે? તે જોયેલું શું છે? દર્શન શું છે? ‘મે જોયું', ક્થનમાં. આ બધા છૂપાયેલા છે, ખરું ને? પરંતુ ત્યાર પછી, ‘મેં જોયુ છે' એમ કહેવું અર્થવિહિન છે. તે સાચુ નથી. ‘મે જાણેલું છે' એમ કહેવું તે પણ ખોટું છે, માત્ર એકવાર અવિકારીને જોવાથી, વિકારી જીવનું સાક્ષીમાં રૂપાંતર થઇ નહીં શકે. એકવાર રાજાને જોવાથી, ભિખારીનું રાજામાં રૂપાંતર થઇ શકે? તે જ પ્રમાણે, જીવી જેણે એકવાર સાક્ષીને જોયો તે એકદમ તરત સાક્ષી બની નહીં શકે. પહેલાં સાક્ષીમાં ફેરવાયા વિના વિકારી જીવ ‘અહમ્ બ્રહ્માસ્મિ'નો અનુભવ નહીં કરી શકે.

જો એમ કહેવાયું હોય કે જેને તેના પાયાના મૂળભૂત આધારનો ખ્યાલ નથી, તે જીવી તેવો તર્ક કરીને બ્રહ્મન્ નો અનુભવ કરી શકે, તો પછી તે આટલા બધા શબ્દોમાં કઇ રીતે તેમ ‘જાહેર' કરી શકે? જ્યારે કોઇ વ્યકિત રાજા બને, ત્યારે રાજાપણાને બીજા લોકો માન્ય કરે, રાજા પોતે તેની જાહેરાત નહીં કરે, તે તેમ નથી? તે મૂર્ખાપણાની અથવા વિવેક્ના અભાવની નિશાની છે.

પરિવર્તનના ચક્કરમાં સપડાયેલી વ્યક્તિ માટે આ બધા પસાર થતા દ્રશ્યોનો તે માત્ર સાક્ષી છે તે અનુભવવું ઘણું મુશ્કેલ અથવા લગભગ અશક્ય છે, તેથી જીવે એ પહેલાં સાક્ષી તરીકેના દ્રષ્ટિબિન્દુનો અભ્યાસ કરવો જોઇએ, જેથી, તે તેના તાત્વિક બ્રહ્મ સ્વરૂપને જાણવામાં સફળ થઇ શકે. ભિખારીને કિલ્લામાંના રાજાની ઝલક તેને સંપતિ કે સત્તા મેળવવામાં મદદ નહીં કરે; તે જ પ્રમાણે, (આકાશથી પણ અતિસૂક્ષ્મ સાક્ષી જાણનાર, જાણેલું અને જ્ઞાનની ત્રિવિધ કક્ષાથી પર, શાશ્વત, શુધ્ધ, ચેતન, મુક્ત, આનંદમય) સાક્ષીને માત્ર જાણવો જ ન જોઈએ, પરંતુ સાક્ષી બની જવું જોઇએ ત્યાં સુધી જીવ, જીવ તરીકે ચાલુ રહેશે, તે બ્રહ્મન્ બની નહીં શકે.

સાચી હકિકત એ છે કે જ્યાં સુધી ‘હું' ટકી રહેશે, સાક્ષી અવસ્થા અસાધ્ય છે. સાક્ષી એ દરેક વસ્તુનો મર્મ, અંતર્ભૂત, સત્, ચિત્ અને આનંદનું મૂર્તસ્વરુપ છે, તેનાથી પર કે બહાર કશું

છે જ નહી. આવી પૂર્ણતા ‘હું’ છું તેમ કહેવું અર્થવિહિન છે. તેને દર્શન કે સાક્ષાત્કાર ક્હેવો તે પણ ખોટું છે.

જીવ અને બ્રહ્મ એક સ્વભાવના છે તેવું શ્રુતિ પણ સ્વિકાર કરતી નથી. શ્રુતિ પ્રમાણે મહત્વનું ઐક્ય આકાશનું છે જે એક ઘડામાં છે અને બીજા ઘડામાં પણ છે. ઘડામાંનું આકાશ અને તાવડીમાનું આકાશ એક જ છે. તાવડીમાનું જે આકાશ છે તેણે દરેક સ્થળે દરેક વસ્તુને ભરી દીધી છે. ઘડામાંનુ આકાશ કાયમ પૂર્ણ નિત્ય આકાશ છે. તે મુખ્ય સમાનાધિકરણ ન્યાય છે. એક સ્થળનો પવન બધા સ્થળનો પવન છે, એક સ્થળનો સૂર્યપ્રકાશ દરેક સ્થળનો સૂર્યપ્રકાશ છે. એક મૂર્તિમાંના ભગવાન બધી મૂર્તિમાંના ભગવાન છે. આ પ્રકારની એકરૂપતાને ગ્રહણ કરવી જોઇએ.

તે જ પ્રમાણે, એક શરીરમાંનો સાક્ષી બીજા બધા શરીરમાંના સાક્ષી સમાન છે. પરંતુ, જેમ અહમ્ બ્રહ્માસ્મિનું કથન સૂચવે છે, તેમ શ્રુતિ જીવ બ્રહ્મન્ છે તેમ જાહેર નથી કરતી. મર્યાદિત, પરિમિત ઐક્ય તે માન્ય કરે છે, એટલે એમ કહેવાનું, જીવનું હું-પણું વિચાર કરીને દૂર કરવું જોઇએ; ત્યાર પછી, શેષમાં બ્રહ્મ રહે છે, અને ‘અહમ્ બ્રહ્માસ્મિ’નાં જ્ઞાનનો ઉદય થશે; જે પરિમિત એકતાનો ક્રમ છે. જીવ તરીકે ચાલુ રહેતા, વ્યક્તિ બ્રહ્મન્ ના સારને ગ્રહણ નહીં કરી શકે. ભિખારીને તે રાજા છે તેનું ભાન થવા માટે તેના શરીરને ભૂલી જવું પડે, તે જ પ્રમાણે, મનુષ્યએ તેની પ્રકૃતિ જે દિવ્ય છે તેને અનુભવવા માટે, માનવ શરીર જે તેના હું- વ્યક્તિત્વનો પાયો છે તેની ઉપેક્ષા કરવી પડે.

આંતરિક ભકિત, શિસ્ત અને દિવ્યત્વની પ્રાપ્તિ દ્વારા મનુષ્યત્વને છોડી દેવું પડે; પછી તે દિવ્ય છે તે જ્ઞાનનો ઉદય થશે. બ્રહ્મત્વનો ઉદય થતા પહેલાં જીવની મર્યાદાઓને જીતી લેવી પડશે.

ચોક્કસ, ગાઢ નિંદ્રા દરમ્યાન બ્રહ્મત્વની ઝલક વ્યક્તિ મેળવી શકે છે, જ્યારે વ્યકિત બધી માનસિક ક્ષુબ્ધતાથી અથવા વિકલ્પોથી મુક્ત હોય છે સ્વપ્ન .અવસ્થા દરમ્યાનનું તૈજસ ગાઢ નિંદ્રા અવસ્થામાં વિશ્વ બને છે, અને મનન કરે: ‘આ બધા સમય દરમ્યાન મેં વિવિધ દેશોમાં મુસાફરી કરી હતી, અનેકવિધ અનુભવમાંથી પસાર થયો હતો? આ બધી કલ્પનાઓ ન હતી?

આ બધામાં હું કદી સંડોવાયો ન હતો; દરેક વસ્તુથી અસર પામ્યા વિના, હું તો આનંદથી ઊંઘતો હતો,' જેમ માણસ નશામાંથી મુકત થયો હોયઅથવા માં .દગીમાંથી મુક્ત થયો હોય, અથવા જેમ ભિખારીનું નસીબ ઊઘડી જતા, તેની ગરિબાઇને ભૂલી જાય છે, તેમ મનુષ્યને તેની દિવ્યતાનો ખ્યાલ આવે છે અને દિવ્ય આનંદને માણે છે.

પરમાત્મા સાથે ઐક્ય અનુભવ કરતા, જીવ જાહેર કરે છે, 'હું બ્રહ્મ છું. બધું પરિવર્તનશીલ જગત ક્યાં ઉડી ગયું? જીવ અને જગતના ચક્કરમાં ફ્સાઇ જવાથી હું કેટલો ભ્રમિત થયો હતો; ભૂત, વર્તમાન અને ભવિષ્યનું ખરેખર બીલકુલ અસ્તિત્વ નથી, હું ત્રણ જાતના તફાવતો વિનાનો, સત્, ચિત્, આનંદ સ્વરુપ છું,' તે બ્રહ્મના આનંદમાં ગરક થઇ ગયો છે. આ જ્ઞાનનું સાફલ્ય છે.

બધી મર્યાદાઓનો માત્ર નાશ કર્યા પછી જ જીવ પોતાનો અનુભવ કરી શકશે. આ બધામાં મન સૌથી મહાન છે, મનનો જ્યારે નાશ કરાય. ત્યારે તે બે અવસ્થા રુપલય અને અરુપલયમાંથી પસાર થાય છે. મનની ક્ષુબ્ધતા રુપો છે. ત્યાર પછી સમતુલાની અવસ્થા આવે, જ્યાં સત્, અને ચિત્ નો વિધાયક આનંદ છે, ત્યાં પણ અરુપ અથવા આકાર વિનાનું મન અદ્રશ્ય થાય છે. મનનો નાશ બે પ્રકારનો છે, એટલે, મનની વૃત્તિ અને મન પોતે. આગલું સંતોને લાગુ પડે છે, જેઓ જીવતા હોવા છતાં મુકત છે (જીવનમુકતો). બીજો વિદેહ મુક્તોને લાગુ પડે છે. હવે, માત્ર રુપલય શક્ય છે. આમાં વ્યક્તિ બ્રહ્મ સાથેના ઐક્યના અનુભવમાંથી જે આનંદ પ્રાપ્ત થાય તેને માણે છે.

તેથી, મન એ જીવની મર્યાદા છે. તેના ઉપર વિજય મેળવવાનો છે. દેહાભાસ અદ્રશ્ય થવો જ જોઇએ. જ્ઞાનમાં દ્રઢ વિશ્વાસ ઉત્પન્ન કરવો જોઇએ; પછી ભ્રમ લુપ્ત થઇ જશે. બધી 'હુંની-ભાવના' ચાલી જશે, દરેક ક્ષણે, સત્, ચિત્ અને આનંદનું ઝરણું વ્યક્તિમાં ઊભરાઇ જશે. તે સાચો સાક્ષાત્કાર છે. (ઈશ્વર પ્રત્યક્ષ દર્શન). આચાર્યો પણ આ શિસ્તનો આગ્રહ રાખે છે અને આ આનંદમાં ચિત્ત સ્થિર રાખે છે, આ જ ખરેખર સત્ય છે.

વ્યક્તિ પાસે ચાર લાયકાત અથવા સાધન ચતુષ્ટય હોય, ત્યારે તે આત્માની ખોજ માટે અધિકારી બને છે. બધા વેદોમાં અને શાસ્ત્રોમાં વિદ્વત્તા, તપસ, વિધિ વિધાનમાં આધિપત્ય, સતત

જપ, દાન, જાત્રા - આમાંની કોઇપણ વસ્તુ તે અધિકાર આપવાને મદદરુપ થશે નહીં. 'શાંતો, દાંતો, ઉપરતિ, તિતિક્ષા...', એમ ક્ષુતિ કહે છે; તેથી સમતા, આત્મસંયમ્, ઇન્દ્રિયનિગ્રહ, દ્રઢતા...માત્ર આ બધા તે અધિકાર બક્ષે છે, જાતિ, વર્ણ કે આશ્રમ નહીં. બધા શાસ્ત્રોમાં પારંગત પંડિત હોય, વિદ્વાન અથવા અભણ, બાળક કે યુવાન કે વૃધ્ધ વ્યક્તિ, બ્રહ્મચારી, ગૃહસ્થિ, વાનપ્રસ્થ કે સન્યાસી, બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય કે શૂદ્ર, અથવા વર્ણહિન, પુરુષ કે સ્ત્રી, ગમે તે હોય, છતાં વેદોએ જાહેર કર્યું છે, 'જો વ્યક્તિ સાધન ચતુષ્ટયથી સજ્જ હોય તો દરેક જણ લાયક છે'.

માત્ર શાસ્ત્રોનું વાંચન વ્યક્તિને અધિકારી નથી કરતુ. તે બાબતમાં ઉલ્લેખ કરેલી સાધના ચતુષ્ટયની પ્રાપ્તિ આવશ્યક છે. પછી શંકા ઉત્પન્ન થઇ શકે: કઇ રીતે વ્યક્તિએ શાસ્ત્રો વાંચ્યા નથી છતાં સાધન ચતુષ્ટય પ્રાપ્ત કરી શકે? મારો જવાબ છે, કઇ રીતે વ્યક્તિ તેને વાંચીને, તેને પ્રાપ્ત કરે છે? 'કારણ તે શાસ્ત્રોને જાણે છે, તેથી તે ઇશ્વરને સમર્પણની ભાવનાથી કર્મો કરે છે, તેનાથી મનની શુધ્ધતા મેળવે છે, અને વૈરાગ્ય પ્રાપ્ત કરે છે અને બીજી લાયકાતો વધુ પ્રમાણમાં મેળવે છે. હવે વ્યક્તિ શાસ્ત્રો ન જાણતી હોય તો કઇ રીતે આ બધાને કેળવી શકે?" એમ પૂછાયું. શા માટે તે તેને કેળવી નથી શકતો? ગત જન્મોના સારા કર્મો અને સંસ્કારક પ્રભાવોના સંગ્રહિત પરિણામને કારણે આ જન્મમાં શાસ્ત્રિક અભ્યાસ વિના આત્મવિચાર માટે લાયકાત ધરાવવાનું શક્ય બન્યું છે.

હવે પ્રશ્ન ઉદ્ભવી શકે, કઇ રીતે, જ્યારે પાછલા જન્મોના પ્રયત્નોનું ફળ ચાર લાયકાતોના ઇનામ રુપે. વ્યક્તિને મળે છે, તો પછી શાસ્ત્રોનો અભ્યાસ અહીં અને હમણાં મદદ નથી કરતો. ગત કર્મોની ખરાબ અસરને કારણે કેટલાંક લોકોને શાસ્ત્રોના અભ્યાસનું ફળ મળતું નથી, પરંતુ, જ્યાં સુધી ચારિત્ર્ય અને મનના વલણની ગણતરી કરીએ, તો ભાગ્યશાળીઓ જેઓ ગત જન્મોમાં સારા કર્મોમાં રોકાયેલા હતા તેઓને લાભ છે. વિદ્યાર્થીઓ જેના અભ્યાસમાં ગત સંસ્કારને કારણે અંતરાય પેદા થયો છે તે એટલો કમનસિબ છે જેટલો સાધક તેની ગત જન્મોની પ્રવૃત્તિઓથી આધ્યાત્મિક વલણવાળું મન વિકસાવવામાં નિષ્ફળ થયો છે.

સારુ, જ્યારે વ્યક્તિએ શાસ્ત્રોમાં પારંગતતા મેળવી હોય છતાં, જો તેણે સાધના કરવા ન માંડી, તો તે આત્માના અસ્તિત્વના પાયાને સમજી નહી શકે. ચોક્કસ, તે જે શાસ્ત્રોને સમજ્યો છે

તેને માટે સાધનાની દિશામાં આગળ જવાની અને દ્રઢતાથી તેમને આચરવાની ઘણી તકો છે. પાછલા જન્મોમાં મેળવેલાં પૂણ્યો હવે મુક્તિ માટેની તીવ્ર તૃષ્ણા તરીકે દેખાય છે, ગુરુને મેળવવાની ખરા દિલથી કોશિશો કરે, સાધનામાં સફળતા મેળવવાને નિશ્ચિત જોરદાર પ્રયત્નો કરે અને આત્માના અનુભવમાં સાફલ્ય થાય છે. બીજી કોઇપણ વસ્તુ કરતા જેનામાં શ્રધ્ધા વિશેષ છે તેમને સફળતા મળે છે. શ્રધ્ધા વિના શાસ્ત્રોમાં જે કઇ વાંચ્યુ છે તેનો ખર્ચ કરવાની પ્રેરણા નહીં થાય અને વિદ્વત્તા મગજમાં ભાર રુપે રહેશે.

આત્માનો સાક્ષાત્કાર કરવા માટે જેમ વૈરાગ્ય, વિગેરે.. લાયકાતો છે, વિદ્વાનો અને બાકીના બીજા બન્ને તેને માટે સમાન રીતે અધિકારી છે. માત્ર એક્લી સાધના દ્વારા આત્માને જાણી શકાય તેમ નથી? તો પછી, શા માટે બધા શારત્રોના પ્રભુત્વની માથાફૂટ કરો છો? સારુ, આત્માને જાણવા માટે, શાસ્ત્રો અનિવાર્ય નથી; તેને જાણી લીધા પછી, તેઓ બિનજરૂરી છે. પરંતુ, શાસ્ત્રોમાંથી જે કંઇ તારવ્યુ તે બધું માત્ર પરોક્ષ અનુભવો છે. સાધના સિવાય બીજો કોઇપણ માર્ગ પ્રત્યક્ષ અનુભવ માટે અશક્ય છે. જ્ઞાન પ્રત્યક્ષ સમજણ માત્ર છે.

આત્મ વિચાર ખરેખર શું છે? ચોપડીઓમાં આપ્યું છે તે પ્રમાણે આત્માના ગુણોનો અભ્યાસ આત્મ વિચાર નથી, પરંતુ, અંતરમુખ બનીને એકાગ્ર વિવેક દ્વારા આવરી લેતા પંચકોષોને રદ કરી હુંના તત્વનું પૃથક્કરણ આત્મ વિચાર છે. તે કોઇ બાહ્ય જગતનો અથવા બહારની ભૌતિક દુનિયા, અથવા તાત્વિક વિદ્વત્તા જે ગ્રંથોના અર્થઘટન તરફ વાળેલી છે તેનો વિચાર નથી. તે તો બુધ્ધિની તીક્ષ્ણ ધારથી આત્માના રહસ્યનું પૃથક્કરણ પધ્ધતિએ અંદરના ભેદને જાણવો તે આત્મ વિચાર છે.

તે પછી શાસ્ત્રોના અભ્યાસ દ્વારા આત્માનો અનુભવ કરવો અશક્ય છે, તેમ પુછી શકે. જવાબ છે કે, તે શક્ય નથી. આત્મા સત્, ચિત્, આનંદના સ્વરુપવાળો છે, તે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરોથી પર છે; જાગ્રત સ્વપ્ન અને ગાઢ, નિંદ્રા એ ત્રણે અવસ્થાનો સાક્ષી છે; આ શબ્દોના અર્થ ઉપર પ્રવિણતા પ્રત્યક્ષ આત્મદર્શન આપી શકે? તો પછી તેને કઇ રીતે જોવાય? વ્યક્તિત્વને આવરી લેતા પંચકોષોના આવરણને જુદા પાડી, તે દરેકને 'આ નહીં' એમ નકારી તેનો અનુભવ

કરી. તેનાથી પર, અને નીચે પસાર થઇ, બ્રહ્મ જે બધા સમય માટે અલગ અલગ અને અનેક ગણો દેખાય છે તેને જુદો પાડી, આત્માના આધારને પહોંચીને તેને જોઇ શકો છો.

ઘરમાં કોઈ વસ્તુ ખોટી જગ્યાએ મૂકાઇ ગઇ હોય તો તેને ઘરમાં જ શોધવી પડે. કઇ રીતે તેને જંગલમાં શોધવાથી પાછી પ્રાપ્ત કરી શકાશે? બ્રહ્મ જે પાંચ કોષોથી આવરાઇ ગયો છે તેની શોધ પંચકોષિય શરીરની અંદર જ કરવાની હોય, નહીં કે શાસ્ત્રિક વિદ્યાના જંગલમાં.

જો કે બ્રહ્મન્ ને શાસ્ત્રોમાંથી શોધી શકાશે નહીં, પરંતુ તેઓ પંચકોષો અને તેમને ઓળખવાની નિશાનીઓ અને લક્ષણો વિષે કહે છે; અને તેથી બુધ્ધીના પ્રયત્નો દ્વારા, આત્માના સત્ય સુધી ઊંડે પહોંચવાનું શક્ય બની શકે છે. પછી, શાસ્ત્રોમાં જાણકાર નહી હોય તેવી વ્યક્તિ કઇ રીતે આ પૃથક્કરણના ક્રમમાં અને પરિપૂર્તિમાં પ્રવિણ હોઇ શકે, તેમ પૂછી શકાય, તે ગુરુ પાસે કે કોઇ પ્રૌઢ સાધક પાસે શીખી શકે, તેમ છે ને?

પરંતુ એક વસ્તુસ્થિતિ ઉપર ફરી ભાર મૂકવો જોઇએ. આત્મ તત્વ શાસ્ત્રોમાં ઘણું જ્ઞાન ધરાવનાર પંડિતની પહોંચની ઉપર છે. માત્ર પ્રત્યક્ષ અનુભવથી જ તેને સમજી શકાય છે. તેથી એમ કહેવાયું હતું કે, વ્યકિત જેને સાક્ષાત્કાર થયો હોય તેણે પણ ગુરુ પાસે જવું જોઇએ. આવા ગુરુના માર્ગદર્શન વિના, આત્માને ગ્રહણ ન કરી શકાય. નારદને પણ સનતકુમાર અને જનકને શુક્ર ગુરુ તરીકે હતા, અને બીજા સંતોને બીજા ગુરુઓ હતા. જ્યારે વ્યક્તિ ઉપર ઈશ્વરની કૃપા હોય, ત્યારે ઘણીવાર ગુરુ પણ બિનજરૂરી બની જાય છે; તે તેને દરેક વસ્તુ જાણીતી કરી દે છે. યાજ્ઞવલ્ક્યની પત્ની મૈત્રેયી અને અભણ લીલા અને ચૂડાલા જેવા દ્રષ્ટાંતો બતાવે છે કે શાસ્ત્રોનો લાંબો સમય અભ્યાસ કર્યા વિના, ભૂતકાળમાં સ્ત્રીઓએ પણ ગુરુ પાસે આત્મ વિદ્યા શીખીને સફળતા મેળવેલી હતી. ચોક્કસ, વ્યક્તિ પાસે બીજું કશું પણ ન હોય, પણ જો તેની ઉપર ઇશ્વરની કૃપાના આશીર્વાદ હોય, તો સામાન્ય માન્ય કરેલી લાયકાતોથી તે ગમે તેટલો અપૂર્ણ હોય, પરંતુ તેને ચોક્કસ આત્મ સાક્ષાત્કાર થાય છે.